REGISTERED No. B. 156.

श्री

# જૈન ધર્મ પ્રકાશ.

अक्षुद्रो रूपसौम्यो विनयनयसुतः क्रूरताशाठ्यमुक्तो ।
मध्यस्थो दीर्घदर्शी परहितनिरतो लब्धलक्षः कृतज्ञः ॥
सद्दाक्षिण्यो विशेषी सदयगुणरुचिः सत्कथः पक्षयुक्तो ।
वृद्धार्हो सज्जनो यः शुभजनदयितो धर्मरत्नस्य योग्यः ॥ १ ॥

પુસ્તક ૩૭ મું ] માઘ. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [ અંક ૧૧ મો.

પ્રગટ કર્તા

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.

अनुक्रमणिका.

| | | |
|---|---|---|
| ૧ | બે સખીઓનો સંવાદ ... ... ... ... | ૩૨૩ |
| ૨ | સાચું ધ્યાન માળાથી નથી, પ્રેમથી છે ... ... | ૩૨૪ |
| ૩ | પોણોસો વર્ષની કુંકુમપત્રિકા ... ... | ૩૨૬ |
| ૪ | હિતશિક્ષાના રાસનું રહસ્ય ... ... ... | ૩૨૭ |
| ૫ | ધર્માભિમાન ... ... ... ... | ૩૩૧ |
| ૬ | આપણા ઐક્યથી આપણો ઉદ્ધાર ... ... | ૩૩૭ |
| ૭ | આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન ... | ૩૩૯ |
| ૮ | પાણિગ્રહણ સંસ્કારને લગતી માહિતી ... ... | ૩૪૮ |
| ૯ | સ્ફુટ નોંધ અને ચર્ચા. ... ... ... | ૩૫૧ |
| ૧૦ | પુસ્તકોની પહોંચ ... ... ... ... | ૩૫૬ |

વાર્ષિક મૂલ્ય રૂ. ૧-૮-૦ પોસ્ટેજ રૂ ૦-૪-૦ ભેટના પોસ્ટેજ સહિત.

ભાવનગર—'શારદાવિજય' પ્રી. પ્રેસમાં શા. મહુલાલ લશ્કરભાઈએ

ન;
ન. સ૦ ૫
નઃસંદેહ જો;
ો દેહ જો. સ૦ ૬

# अमारूं पुस्तक प्रसिद्धि खातुं.

१ थोडा वखतमां बहार पडशे.

१ श्री वृहत् क्षेत्र समास. मोटी टीका सहित.

२ छपाय छे.

१ श्री शांतिनाथ चरित्र भाषांतर.
२ श्री उपदेश प्रासाद भाषांतर. विभाग २जो. स्थंभ ५ थी ९. आवृत्ति बीजी.
३ श्री धन्यकुमार चरित्र भाषांतर.
४ श्री परिशिष्ट पर्व भाषांतर.
५ उपमिति भवप्रपंचा कथा भाषांतर. ( विभाग २ जो. )
६ श्री अध्यात्म कल्पद्रुम भाषांतर. आवृत्ति त्रीजी.
७ श्री उपदेश प्रासाद ग्रंथ. मूळ. विभाग ४ थो. स्थंभ १९ थी २४.
८ श्री उपदेश कल्पवल्ली ( मन्हजिणाणंनी टीका ) नुं भाषांतर.

३ तैयार थाय छे-तैयार थये प्रेसमां जशे.

१ आठ दृष्टिनी सझाय सार्थ, गिरनारजी तीर्थमाळ विगेरे.
२ श्री पर्वतिथि विगेरेना चैत्यवंदनो, स्तवनो, सझायो, स्तुति विगेरेनो संग्रह.
३ श्री विनोदकारी कथा संग्रहनुं भाषांतर.
४ श्री हेमचंद्राचार्य चरित्र.
५ श्री प्रकरण पुष्पमाळा. विभाग २ जो. ( केटलाक नाना प्रकरणो सार्थ.)

# ભલે હાથ માળા વિનાપ્રેમ ચાળા.

આ મથાળાવાળી આ અંકમાં કવિતા છે, તેમાં પ્રેમ ચાળા ભેગું કરેલ છે, પણ વિનાપ્રેમ ચાળા એમ જુદું વાંચશો. તેનો અર્થ એ છે કે તમારા હાથમાં માળા રાખીને ભલે પ્રભુનું નામ ગણો, પણ જો તમારા અંતઃક-ણમાં પરમાત્મા ઉપર પ્રેમ નથી તો પ્રેમ વિના તે બધા ચાળા માત્ર છે; ટલે તે માળા નથી પણ ચાળા છે. લક્ષ રાખ્યા વિના ગણાતી માળા પણ ારૂપજ છે. આપણે હાથમાં નવકારવાળી લઇને નવકાર ગણીએ છીએ ને ો કાંઇક ફરતું હોય છે તેથી તે ક્રિયા યથાર્થ ફળદાયક થતી નથી ળના ઇચ્છકે તો તેમાં લક્ષ્ય રાખીને ઉપયોગપૂર્વક ગણવી જોઇએ.

# श्रीजैन धर्मप्रकाश.

शिवमस्तु सर्व जगतः, परहितनिरता भवंतु भूतगणाः ॥
दोषाः प्रयांतु नाशं, सर्वत्र सुखीभवतु लोकः ॥ १ ॥

"સર્વ જગતનું કલ્યાણ થાઓ, પ્રાણીઓ પરોપકારમાં તત્પર થાઓ,
દોષમાત્ર નાશ પામો અને સર્વત્ર લોકો સુખી થાઓ."

પુસ્તક ૩૭ મું.] માઘ. સંવત ૧૯૭૮. વીર સંવત ૨૪૪૮. [અંક ૧૧ મો.

## बे सखीओनो संवाद. (विद्या विषे)

શોભા શી કહું રે શેત્રુંજાતણી—એ રાગ.

અભણ—

સજની આજે આવો રમવા હોંસથી, શાળામાં ભણવા શું નીશદિન જાવું જો;
સ્ત્રીઓને ભણવું તે છે શ્યા કામનું, શું વકીલ કે ડાક્ટર માસ્તર થાવું જો. સ૦ ૧
નારીને વેપાર કાંઈ કરવો નથી, નથી દેવા કાંઈ ભાષણ સભા મોઝાર જો;
મહીલાઓ જાણી શૃંગારિક બુકને, વાંચતા તેની બુદ્ધિ ભ્રષ્ટ થનાર જો. સ૦ ૨

ભણેલ—

બેની તું બોલે છે તે ખોટું સહુ, નિશ્ચે તારી બુદ્ધિ બગડી જાણ જો;
સ્ત્રીઓને ભણવું તે છે બહુ કામનું, થાયે તેથી નીતિ ધર્મનું ભાન જો. સ૦ ૩
વકીલાતાદિક નથી કરવું તે તો ખરૂં, પણ તે વાતનું જાણપણું સુખકારી જો;
સજની સભામાં ભાષણ દેતાં શોભીએ, સુગુણી શૃંગારિક બુકે દુઃખીઆરી જો. સ૦ ૪

અભણ—

બેનપણી સંસારે તો* ભણવાતણી, માથાકુટ લાગે છે મુજને ભારી જો;
મહેનતથી ભણેલું તે ભૂલાય છે, તો ફોગટ શું જીંદગી જાવી હારી જો. સ૦ ૫
ભણેલ અભણને ખાવું પીવું તો સહી, પૂરાયુષ્યે મરવું નિઃસંદેહ જો;
તો હે બેની કેમ મજા નવી માણવી, ફરી નહિ મળશે મનુષ્ય સરખી દેહ જો. સ૦ ૬

ભણેલ—

બોધી બેની જ્ઞાનદીપક પ્રગટ્યો નથી, ત્યાં સુધી તો લાગે માથાકુટ જો;
ભણ્યું ગણ્યું તે રહેવું કંઠે ભાગ્યનું, કીધાં હશે જો પૂર્વે પુન્ય અખુટ જો. સ૦ ૭
ખાવું પીવું તે સરખું નવી માનવું, સરખું માને મરણને તે તુજ ભૂલ જો;
ભક્ષ્યાભક્ષ્ય ભણેલ વિચારી વાપરે, મરણ સમાધિ થાયે ઉજ્વળ કુળ જો. સ૦ ૮
ભણી ગણી નીતિને પંથે ચાલતાં, વળી ચાલતાં સદ્ગુણીની સંગ જો;
નિજ અવગુણ ને પરગુણ જોતાં શીખવું, જેથી વાધશે જગમાં રૂડો રંગ જો. સ૦ ૯
વીવેકી બનવું વિનયને આદરી, માતપિતાદિક વડીલની આણ પ્રમાણ જો;
નમ્રપણું શીખ્યે સુખ બ્હેન બહુ મળે, એ ગુણોથી વિદ્યા પ્રગટે જાણ જો. સ૦ ૧૦

અભણ—

ધન્ય દિવસ હું જાણું બ્હેની આજનો, તુજ વચનામૃતે થયા પાવન મુજ શ્રોત્ર જો;
રૂડી શીખ રૂચી બહુ મને આપની, હૈયે તેથી જાગી વિવેકની જ્યોત જો. સ૦ ૧૧
સુણ હે બ્હેની શાળામાં હું આજથી, વિદ્યા ભણવા આવીશ આનંદ સાથ જો;
સદ્વર્તનથી કીર્તિ સઘળે સ્થાપશું, વંદે ભાઈલાલ નિત્ય ત્રિભુવનનાથ જો. સ૦ ૧૨

ભાઈલાલ સુંદરજી મહેતા–ઝીંઝુવાડા.

# સાચું ધ્યાન માળાથી નથી, પ્રેમથી છે.

(ભુજંગી.)

ધરો હાથ માળા નહિ ધ્યાન ત્યારે, ફરે ચિત્ત સંસાર વિષે વધારે;
પ્રભુ ભાવનામાં નહિ તર્ક સારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧
જુવો બાણધારી નિશાનો લગાવે, તમે ધ્યાન ચૂકો નહિ કામ આવે;
પ્રભુના નિશાને થશો ભૂલનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૨
ખરા સંત સંસારીઓ ધ્યાન રાખે, વદે એ નહિ નામ તો દીલ આખે;
ભસે કૂતરા તે નહિ કાટનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૩
હશે ચિત્ત તો બોલવે શું વધારે, હશે પ્રીત રૂંવે મહાકાજ સારે;
ખરા જ્ઞાન વિના કરે એ ખખાળા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૪

ભલે બૂમ મારી મૂકો ત્યાં જઆવી, નહિ એક દૃષ્ટિ પ્રભુથી લગાવી;
નહિ બોલના તોલ માને લવારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૫

ખરા ભક્તના ઉરમાં ઠામઠામે, વસ્યું છે પ્રભુજીતણું શુભ નામે;
અહો હાલમાં નામના રાખનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૬

અહો અંતરે નાથની ધૂન જામી, પછી પાડવી બૂમ બ્હારે નકામી;
નથી દેવ બ્હેરા ચિત્તે જાણનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૭

ક્રિયા બ્હારની તો નહિ કામ આવે, કરો ધ્યાન ઇંદ્રીતણાં બંધ જ્યારે;
પછી સુરતી ધ્યાનમાં આપ પ્યારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા ૮

ખરા ધ્યાનથી પ્રભુ પાસે જવાનું, ઘણું સાંકડું રાઇ ખંડે થવાનું;
તમે હાથી જેવા મદે ચાલનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૯

પ્રભુપ્રેમમાં તો નહિ માન માયા, નહિ કામ કે ક્રોધ સર્વે સમાયા;
જશે પાપ વાઙ્યો સિધે ચાલનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૦

ખરો જ્ઞાની માળા નહિ હાથ ઝાલે, નહિ મુખથી બોલવા હામ ઘાલે;
રહે શાન્ત બેઠા પ્રભુ માનનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૧

ક્રિયા બ્હારથી તો તમે શિશ મુંડો, ચડી જ્ઞાન શુદ્ધે ખરૂં ચિત્ત મુંડો;
અરે ચિત્તના જેહ વિષયો બિચારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૨

કરે કામ બુરાં પછી માફી ચ્હાયે, બુરૂં છોડતાં માફ શાની ગણાયે;
નહિ પાપની ટેવના છોડનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૩

થયો પ્રેમ તો પાપ ધ્યાને ન આવે, નહિ પ્રેમચાળા તણી ભૂલ કાવે;
બહુ ફેરવી એ મરે છે બિચારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૪

નથી જીવ માળા વિષે ભાઈ લેશ, ધરે જીવવાળો ફરે દીલ બેશ;
ફર્યું ચિત્ત તો પ્રેમ (ના) જાણનારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૫

જિહાં છુટશે પ્રેમ પ્રેમીની ધારા, મળે જ્યોતિ જ્યોતે ગ્રહો એમ માળા;
થણું ફેરવીએ ખરી શુભ માળા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા ૧૬

ખરે પ્હેલથી છેવટે ટોચ આવે, મ્હોટો મણકો સત્યનો એ જણાવે;
ખરા દીલથી ફેરવી શુભ માળા, ઠરે દીલ તો હું ગણું કેમ ચાળા ? ૧૭

નમો નીર લેવા સરીતા કિનારે, જુવે તેટલું આપવા પ્રેમ ધારે;
અહંકારથી નીર નહિ પામનાર, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૮

તને સોય ભોંકે ક્ષમા ખુબ દેવી, મહાવીરની એ ખરી શીખ લેવી;
કહ્યું વાડિલાલે મહાવીર પ્યારા, ભલે હાથ માળા વિના પ્રેમચાળા. ૧૯

# પોણુસો વર્ષની કુંકુમપત્રિકા.

શ્રી અમદાવાદથી શ્રી ખંભાતના સંઘ ઉપર લખાયેલી, તે અસલ પ્રવર્ત્તકશ્રી કાન્તિવિજયજી મહારાજજી પાસે જોવામાં આવવાથી અને તેનો કાગળ અક્ષર, રૂશનાઈ, ફરતા વેલાનો રંગ ને ઉપર કળશ અત્યારે પણ એવીજ સ્થિતિમાં દૃષ્ટિગોચર થવાથી તેની અંદરનો લેખ તેનાજ અક્ષરોમાં આ નીચે પ્રગટ કરવા મન લલચાયું છે. આ શ્રી અમદાવાદમાં હઠીભાઈની વાડીમાં ધર્મનાથજીના દેરાસરમાં થયેલી અંજનશલાકા ને પ્રતિષ્ઠાની કુંકુમપત્રિકા છે. વધારે હકીકત એ વાંચવાથી સમજી શકાય તેમ હોવાથી અહીં લખવાની જરૂર નથી.

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી ૧ા.

**સ્વસ્તી શ્રી પારસ્વજીન પ્રણમ્ય શ્રી ખંભાએત મહાશુભ સ્થાને પુજારાધે સરવે શુભ ઉપમા લાયેક પરી. જેઅસંઘ હીરાચંદ વગેરે શંઘ સમસ્ત ચરણાન શ્રી અમદાવાદથી લા. શા. ખુશાલચંદ નહાલચંદ તથા મગનભાઈ હઠીશંઘના પ્રણામ વાંચજો. જત ઇહાં શ્રી દેવગુરૂ પસાએ કરીને કુશળ છે. તમારા સંઘના કુશળ પત્ર લખવાં. બીજું અતરે અમારી વાડીમધે શ્રી ધરમનાથજી મહારાજનો બાવન જીનાળો પરસાદ તઇઆર થઓ છે; તથા શ્રી પરમેશ્વરજીના બંબ નવા ભરાવાં છે. તેહની અંજણસલાકા તથા તખતે બેસારવાનું મહુરત સંવત ૧૯૦૩ માહા માસ મધે નીરધારૂં છે.**

**૧ મહા વદ ૫ સુકરે શ્રી મહારાજની અંજણશલાકા છે.**

**૨ મહા વદ ૧૧ ગરેઉ શ્રી મહારાજને તખત બેસારવાનું છે.**

**તેહના મોહઓછવ ઉપર તમારે સરવે સંઘને તેડીને વેહેલા પધારવું. તમો આવે રૂડું દીશસે. સંઘની શોભા સારી બનસે. સંવત ૧૯૦૨ ના આશો શુદ ૧૦**

**લી૦ શા ખુશાલચંદ નાહાલચંદના પ્રણામ વાંચજો.**

**દા. ઉમેદચંદ.**

(આ શુદ્ધ ગુજરાતીમાં લખવાની જરૂર ન જણાયાથી લખેલ નથી, કારણ કે વાંચવાથી સહેજે શુદ્ધ સમજી શકાય તેમ છે.)

# हितशिक्षाना रासनुं रहस्य.

(અનુસંધાન પૃષ્ટ ૨૫૦ થી.)

પાછલા અંકમાં ગૃહસ્થ આઠ બાબતમાં દ્રવ્ય ખર્ચતાં લેખું ન કરે, અર્થાત્ શક્તિના પ્રમાણમાં જેમ બને એમ વધારે ખર્ચે એમ કહ્યું છે, પરંતુ તે સાથે એટલું યાદ રાખવું કે ઉત્તમ પુરૂષ કુમાર્ગે એક કોડી જતી હોય તો પણ જવા ન દે; હજાર સોનૈયાની રક્ષા કરે તેટલી તેની કરે, અને સારા કાર્યમાં લાખનો ખર્ચ કરતાં પણ વિચાર ન કરે. આ પ્રમાણેનું જેનું વર્તન હોય તેની પાસે લક્ષ્મી અખંડ રહે છે, તેનો કેડો તે મૂકતી નથી. આ હકીકત. ના સંબંધમાં એક દૃષ્ટાંત છે તે આ પ્રમાણે—

વસંતપુર નામના નગરમાં સુબુદ્ધિ નામે શેઠ રહેતો હતો. તેને એક પુત્ર હતો. તેને મોટા શ્રીમંતને ત્યાં પરણાવ્યો. તેની સ્ત્રી ઘરે આવી; સુબુદ્ધિ શેઠ તો બહુ વિચારશીળ હતો, તેથી કદી તેલનું ટીપું જમીન ઉપર પડી ગયું હોય તો તે લઈને જોડે ચોપડતો હતો. આવી તેની ચેષ્ટા જોઇને વહુ વિચારવા લાગી કે–'હું ક્યાં આવા કૃપણને ઘેર આવી? અહીં મારા કોડ કેમ પૂરા પડશે? આ ઘરનો ધણી તો આવો કૃપણ દેખાય છે. આવા સસરાના રાજ્યમાં યથેચ્છપણે ખાવું, પહેરવું, ને ખરચવું તે શી રીતે બની શકશે?' આમ વિચારીને શેઠની પરીક્ષા કરવા સારૂ એક દિવસ વહુએ કહ્યું કે–'મારૂં માથું બહુ દુઃખવા આવ્યું છે.' આમ કહીને આક્રંદ કરવા લાગી. શેઠ ગભરાયા. ઘણા વૈદ્યોને તેડાવ્યા, અનેક પ્રકારના ઔષધો કર્યા, શેક કર્યો પણ કોઈ રીતે માથું દુઃખતું મટયું નહીં. એટલે શેઠે પૂછયું કે–'વહુજી! આજેજ માથું દુઃખવા આવ્યું છે કે પ્રથમ કોઈ વાર આવતું હતું?' એટલે વહુ લાજ છોડીને બોલ્યા કે–'કોઈ કોઇ વાર આવતું હતું ત્યારે સાચા મોતી વાટીને લેપ કરવાથી મટતું હતું.' શેઠે કહ્યું કે–'જો એમ મટતું હતું તો અત્યાર સુધી બોલ્યા કેમ નહીં? આપણા ઘરમાં મોતીની ક્યાં ખોટ છે?' એમ કહી ભંડારમાંથી થાળ ભરીને મોતી મંગાવ્યા અને તેને ભરડવા માટે ઘંટી તૈયાર કરાવી; એટલે વહુ બોલ્યા કે–'સસરાજી! હમણા તો મટી ગયું છે, તેથી કાંઈ કરવાની જરૂર નથી.' વહુના મનમાં સંદેહ હતો તે ટળી ગયો. અન્યદા યોગ્ય અવસરે વહુએ સસરાને પૂછયું કે–'તેલનું ટીપું તો તમે પગરખા ઉપર ચોપડયું અને પાછા સાચા મોતી ભરડવા તૈયાર થઈ ગયા, તેનું શું કારણ?' એટલે શેઠ બોલ્યા કે–'વહુજી! લક્ષ્મીનું વશીકરણજ એ છે. જરૂરને વખતે

લાખ ખરચી નાખીએ અને વગર જરૂરને વખતે એક ટીપું પણ નકામું જવા ન દઇએ.'

આ ખુલાસો સાંભળીને વહુ બહુ ખુશી થયા. સસરાની બુદ્ધિ ખરેખરી તાત્વિક છે એમ તેને ખાત્રી થઇ. **ઇતિ સુબુદ્ધિ શેઠ કથા.**

આ કથા ઉપરથી વાંચકોએ તેનો સાર ગ્રહણ કરવો.

આગળ જતાં કર્ત્તા કહે છે કે—

**જેહ સુણે નર શુભ પરે, વાધે બુદ્ધિ અપાર;**
**શુભ થાનક ધન ખરચતાં, ન ઘટે તે નિરધાર. ૧**

કુવામાંથી પાણી કાઢતાં, આરામમાંથી ફ્ળ ફુલ લેતાં અને ગાય ભેંસને ખડ–ખાણ આપીને પછી દુધ દોતાં ઘટતું નથી; એ પ્રમાણે કરવાથી ઉલટી વૃદ્ધિ થાય છે. આ સંબંધમાં વિદ્યાપતિ શેઠનો સંબંધ છે તે નીચે પ્રમાણે—

એક નગરમાં વિદ્યાપતિ નામે શેઠ રહેતો હતો. તેની પાસે લક્ષ્મી ઘણી હતી, પરંતુ તે શુભ સ્થાનકમાં પણ ધન ખર્ચતો ન હોતો. એક દિવસ રાત્રિએ લક્ષ્મીએ આવીને તેને સ્વપ્નમાં કહ્યું કે–" હું તમારે ત્યાં દશ દિવસ રહેવાની છું, પછી રહેવાની નથી, માટે તમારે સુખ ભોગ ભોગવવા હોય તો ભોગવી લેજો." શેઠ તેના આવાં વચનથી ચેતી ગયો, અને બીજા દિવસથી પુષ્કળ દ્રવ્ય વાપરવા માંડ્યું. સાતે ક્ષેત્રમાં અઢળક દ્રવ્ય વાપર્યું.

અનેક દીનજનોનો ઉદ્ધાર કર્યો; તેથી તેની કીર્ત્તિ પણ બહુ વિસ્તાર પામી. દશ દિવસ પૂર્ણ થયા એટલે અગીઆરમે દિવસે રાત્રે લક્ષ્મી આવી. તેને જોઈ શેઠે કહ્યું કે–' હવે વળી કેમ આવી ? તારા જવાથી મને તો સુખ થયું છે; હું સુખે બારણા ઉઘાડા મૂકી સુઇ રહું છું, રાજાની કે ચોરની બીક રહી નથી. આવા લક્ષણથીજ જંબૂસ્વામીએ તને તજી દીધી; પ્રભવ સ્વામીએ પણ તેજ કારણથી તને તજીને દીક્ષા લીધી; માટે મારે હવે તારો ખપ નથી. '

લક્ષ્મી બોલી કે–'તમે કહો છો તે ઠીક છે, પણ હું હવે તમારા ઘરમાંથી જઈ શકું તેમ નથી. કારણ કે તમે મારો સત્પાત્રમાં વ્યય કરીને મારા પગમાં બેડી નાખી છે.' આ પ્રમાણે કહીને લક્ષ્મી અદૃશ્ય થઇ. સવારે જુએ છે તો આખું ઘર લક્ષ્મીથી ભરપૂર દીઠું; પછી વિદ્યાપતિ સારી રીતે તેનો વ્યય કરવા લાગ્યો. તે કહેતો કે 'મારે લક્ષ્મીનું કામ નથી.' પણ તે જેમ જેમ વાપરતો તેમ તેમ લક્ષ્મી તો વધતી જતી હતી. તે ઠેકાણું છોડતી ન હોતી. લક્ષ્મી તેને કહેતી કે–'હું તો હવે અહીંજ રહીશ ને તમારા ચરણજ સેવીશ.' શેઠ કહે કે–'તારે આ ઘરમાં રહેવું છે તો મારે અહીં રહેવું નથી.'

આ પ્રમાણે કહીને શેઠ પરદેશ ગયા, તો ત્યાં રાજ્ય મળ્યું. અનુક્રમે તેણે રાજ્ય છોડીને દીક્ષા લીધી ને પાંચમે ભવે મોક્ષસંપત્તિ પામ્યા.

## ઇતિ વિદ્યાપતિ શ્રેષ્ઠી કથા.

ઉપરની કથા વાંચીને ઉત્તમ જીવોએ ધન ખર્ચવું અને પાત્રની પોષણા કરવી. કદી એ પ્રમાણે વાપરતાં દ્રવ્ય ઘટી જાય તો શોક ન કરવો; ધૈર્ય રાખવું અને ધર્માધર્મનો વિચાર કરવો કે-" જો પૂર્વે ધર્મનું આરાધન કર્યું હોય છે તો લક્ષ્મી મળે છે અને અધર્મ કરેલ હોય છે તો લક્ષ્મી નાશ પામે છે. જે પાપી પુરૂષ હોય તે ધન ખર્ચ્યા પછી શોક કરે કે-'મેં વાપર્યું તેથી મારૂં ધન ઘટી ગયું.' દેતાં ઓછું થયું એવો વિચાર તો મૂર્ખજ કરે છે. પુણ્યવંત એવો વિચાર કરતાજ નથી, અને શુભ કાર્યમાં ધન ખર્ચે જાય છે. "

ઉત્તમ પુરૂષ વ્યવહાર શુદ્ધિવડેજ દ્રવ્ય મેળવે છે, અને એવી રીતે મેળવેલું ધન થોડું હોય તો પણ ઘણું થઇ પડે છે. આ સંબંધમાં બે વણિકનું દૃષ્ટાંત છે તે નીચે પ્રમાણે—

**દેવો અને જસો** એ નામના બે મિત્રો એક ગામમાં રહેતા હતા. તે નિર્ધન હોવાથી દ્રવ્ય મેળવવા માટે પરદેશ ચાલ્યા. માર્ગમાં એક સોનાનું કુંડળ પડેલું દેવાએ દીઠું. તે વ્રતધારી હોવાથી તેણે તે લીધું નહિ. આડું જોઇને ચાલ્યો ગયો. તેની પાછળ રહેલા જસાએ તે દીઠું, એટલે આડું અવળું જોઇને તેણે ઉપાડી લીધું. તે દેવા ઉપર ખુશી થયો કે તેણે લીધું નહિ, પણ ' હું તેને ભાગ આપીશ. ' એમ તેણે ધાર્યું. પછી તેઓ બીજે મોટે ગામ આવ્યા. ત્યાં તેણે કુંડળ છાની રીતે વેચ્યું, અને તે દ્રવ્યથી તેમજ સાથે લાવેલ દ્રવ્યથી બંને જણાએ કેટલીક વસ્તુઓ ખરીદી; પછી પોતાને ગામ આવ્યા. ત્યાં વસ્તુ વહેંચી લેતાં દેવાએ કહ્યું કે-"આટલી બધી વસ્તુ શી રીતે આવી ? આપણી પાસે આટલું દ્રવ્ય તો નહોતું." એટલે જસે કહ્યું કે-"મેં કુંડળ લીધું હતું તે વેચતાં આવેલા દ્રવ્યથી આ વસ્તુઓ ખરીદી છે. " દેવો કહે કે-' હું તેમાંથી ભાગ લેવાનો નથી. તે લઉં તો મારૂં હતું તેટલું પણ ચાલ્યું જાય.' જસો કહે કે 'જો તારો એવોજ વિચાર હોય તો તારી મરજી.' પછી દેવાએ પોતાના દ્રવ્યથી લીધેલી વસ્તુઓજ લીધી, બીજી બધી જસાને આપી દીધી.

દૈવયોગે તે રાત્રેજ ચોરો આવ્યા અને જસાની બધી વસ્તુ ઉપાડી ગયા. સવારે ગામમાં વસ્તુની અછત થવાથી કિંમત વધી એટલે દેવાને પોતાની વસ્તુના સારા પૈસા ઉપજ્યા તેથી તે સુખી થયો અને જસો નિર્ધન થઈ જવાથી દુઃખી થયો. દેવાએ તેને કેટલીક લક્ષ્મી આપીને સુખી કર્યો. પછી તે પણ

દેવાની જેવો શ્રાવક થયો અને વ્યવહાર શુદ્ધિથી દ્રવ્ય મેળવવા લાગ્યો, તેથી તેની બુદ્ધિ પણ નિર્મળ થઈ અને દ્રવ્ય વૃદ્ધિ પામ્યું; માટે ઉત્તમ પુરૂષોએ ન્યાયથીજ દ્રવ્ય મેળવવું.

## ઇતિ બે મિત્ર કથા.

આ સંબંધમાં એક બીજી સોમરાજાની કથા જાણવા લાયક છે, તે આ પ્રમાણે—ચંપાનગરીમાં **સોમ** નામે રાજા હતો, તે ઘણું દાન આપતો. અન્યદા સૂર્યગ્રહણ નજીક આવ્યું ત્યારે મંત્રીને બોલાવીને તેણે પૂછ્યું કે "આ નગરીમાં ખરૂં પાત્ર કોણ છે? તેને દાન આપું કે જેથી ખરૂં પુન્ય થાય." મંત્રી કહે કે—'એવો સુપાત્ર એક બ્રાહ્મણ છે પણ તે ન્યાય દ્રવ્યજ લે છે. રાજાનું દ્રવ્ય ન્યાય દ્રવ્ય ગણાતું નથી, કારણ કે તેના પાપનો તો પાર નથી. દાન દેનારો જો વિશુદ્ધ ચિત્તવાળો હોય અને લેનારો નિર્મળ બુદ્ધિવાળો હોય તો તે દાન ફળે, પણ એવો યોગ મળવો દુર્લભ છે. જો એવો યોગ મળી જાય ને આપવાનું ન્યાય દ્રવ્ય હોય તો ફળ ઘણું થાય. જુઓ ! સારૂં ક્ષેત્ર હોય ને સારૂં બીજ હોય અને સારી વૃષ્ટિ થાય તો ધાન્યના ઢગલા થાય; પણ જો ધાન્ય કે ક્ષેત્ર સારૂં ન હોય તો અન્ન સારૂં કે પુષ્કળ શી રીતે થાય?" આ પ્રમાણેનાં મંત્રીનાં વચન સાંભળી રાજાએ બહુ વિચાર કર્યો. પછી શુદ્ધ દ્રવ્ય મેળવવા માટે તેણે બીજે ગામ જઇને વૈતરૂં કર્યું અને શુદ્ધ દ્રવ્ય મેળવી આવ્યો. પછી સૂર્યગ્રહણને અવસરે રાજાએ ઘણા બ્રાહ્મણોને ભેળા કર્યા અને પુષ્કળ દાન આપ્યું. પછી મંત્રીએ કહેલા પેલા નિર્લોભી બ્રાહ્મણને તેડાવ્યો અને હાથ જોડીને પોતાનું દાન લેવા કહ્યું. ત્યારે તે વિપ્ર બોલ્યો કે—"હે રાજન્ ! મારે તો રાજ્યપિંડ કલ્પતો નથી. જે બ્રાહ્મણો લોભી છે તેઓને લેવો હોય તો ભલે લે. કારણ કે રાજ્યપિંડ મધુ સરખો મિષ્ટ છે પણ ઝેર જેવો છે. તે લઇને ઉત્તમ વિપ્ર દંડાતો નથી. પુત્રના માંસ કરતાં પણ રાજ્યપિંડ અસાર કહેલો છે. દશ સોની જેટલો એક દ્વિજ કહેલો છે કે જેના પાપનો પાર નથી, કેમકે તે બધા યજમાનોના પાપ લઇને ભારે થાય છે. દશ દ્વિજ સમાન એક કુંભાર, દશ કુંભાર સમાન એક શિકારી, દશ શિકારી સમાન એક વેશ્યા, અને દશ વેશ્યા સમાન એક રાજાને પાપી કહેલો છે; માટે હું તો રાજ્યપિંડ લેવાનો નથી." ત્યારે રાજાએ પગે લાગીને કહ્યું કે—"હું તમને વ્યવહાર શુદ્ધિથી ખરી મહેનતે મેળવેલા મારી પાસે આઠ દામ છે તે આપું. તે લેવાથી તમને ને મને બંનેને ઘણો લાભ થશે." રાજાનાં વચનની પ્રતિતીથી તેણે તે દામ લીધા. તે વાત સાંભળીને બીજા બ્રાહ્મણો ખીજાણા, એટલે રાજાએ તેઓને બોલાવીને પુષ્કળ સોનૈયાનું દાન આપ્યું.

આનું પરિણામ એ આવ્યું કે-સુવર્ણ લઈ જનારાઓનું દ્રવ્ય થોડા દિવસમાં ખુટી ગયું અને આઠ દામ લઇ જનારે તે એક કોથળીમાં નાખ્યા પછી તેમાંથી કાઢી કાઢીને વાપરતોજ ગયો. ખાતો, ખર્ચતો, દાન આપતો પણ તેમાંથી ખુટયુંજ નહિ. એવું અખુટ દ્રવ્ય તે થઈ પડયું. જેમ નવનિધાન ખૂટતા નથી તેવું થયું. અનુક્રમે તે દ્રવ્યના ભોજનથી જ્ઞાન ને વતમાં પણ વૃદ્ધિ થઈ અને રાજાના ભંડારની જેમ દ્રવ્ય તો વધતુંજ ગયું. આ હકીકત સાંભળી રાજા બહુ ખુશી થયો અને આનંદ પામ્યો. ન્યાયદ્રવ્યનો આવો અપૂર્વ મહિમા જાણીને ઉત્તમ પુરૂષોએ ન્યાયદ્રવ્ય મેળવવાનોજ પ્રયત્ન કરવો. આ પ્રમાણે શ્રી ઋષભદાસજી હિતશિક્ષા આપે છે. ઇતિ સોમનૃપ કથા.

અપૂર્ણ

# ધર્માભિમાન.

*( અનુસંધાન પૃષ્ટ ૩૧૭ થી. )*

હાલના પ્રગતિ અને સ્પર્ધાના જમાનામાં એકલા નિયમો અને ક્રિયાઓમાંજ ધર્મનો સમાવેશ કરી દઇશું તો આપણે માટે સમાજજીવનમાં કયું સ્થાન રહેશે એ કલ્પી શકાય તેમ નથી. હવે બેસી રહેવાનો વખત નથી. જૈનધર્મના તત્ત્વોનું જ્ઞાન મેળવી એનો પ્રચાર કરવાની હાલ ઘણીજ આવશ્યકતા છે. પ્રાચીન જૈનોની જાહોજલાલી અને અર્વાચીન જૈનોની નિર્બળ સ્થિતિ જોઇ કયા શુદ્ધ જૈન બચ્ચાનું હૃદય ખેદ પામી નહિ જાય ? હાલ જૈનોની વસ્તી મુઠીભર છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. જૈનોને વૈષ્ણવ થઇ જતાં પ્રત્યક્ષ જોઇએ છીએ. સ્થિતિ આવા પ્રકારની છે ત્યારે ધર્મની લાગણીઓને મનમાં રાખી એને ચૈતન્ય ન આપીએ તો પછી જૈન કોમમાં આપણો અવતાર એ ફક્ત ભવની ગણત્રીના વધારા સિવાય બીજું શું કહી શકાય ? જ્યાં સુધી એ ઉત્તમ તત્ત્વોને સર્વવ્યાપકપણું આપી જૈનધર્મનો વાવટો સર્વત્ર ફરકાવવાનો પ્રયત્ન ન આદરીએ ત્યાં સુધી આપણી ધર્માભિમાનની લાગણીઓ દાંભિક અને પાંગળી છે. શ્રી મહાવીરપ્રણીત જૈનધર્મનો અતુલનાત્મક તત્ત્વોનો વિશ્વમાં પ્રચાર કરવા ઉદ્યમવંત થવું એ પણ વિચાર કરતાં હાલ આવશ્યક ધર્મ માલુમ પડે છે અને તેથી કરીને પોતાની બનતી શક્તિનો તેમાં ભોગ આપીને પોતાની ફરજમાંથી અંશે પણ મુક્ત થવું એ જરૂરનું છે.

કોઇ પણ પ્રકારના જીવનમાં આદર્શરૂપ બનીને પ્રગતિ કરવી હોય તો

કેળવણીની ખાસ જરૂર છે. વ્યવહારિક જીવન, ધાર્મિક જીવન, સામાજિક જીવન, નૈતિક જીવન, રાષ્ટ્રિય જીવન વિગેરે ગમે તે પ્રકારના જીવનક્રમમાં કેળવણીની આવશ્યકતા માલુમ પડે છે. જૈન સમાજમાં ધાર્મિક અને વ્યવહારિક કેળવણી જોઇએ તેટલા પ્રમાણમાં પ્રચાર પામી હોય એમ જણાતું નથી. તે બન્ને કેળવણીના પ્રચાર માટે સંઘોદ્વારા તથા કોન્ફરન્સદ્વારા પ્રયત્નો ચાલુ છે; પણ તે જોઇએ તેટલું સારૂં રૂપ આપી શકયા નથી, તેથી હજુ પણ ઘણુાજ પ્રયાસની આવશ્યકતા સ્વીકારાય છે. જૈન સમાજમાં પૂરતી કેળવણીના અભાવને લઇને પડતીની શરૂઆત થઇ હતી, પણ હવે અટકી છે; પરંતુ હજુ આગળ વધી શકયા નથી. બીજે રસ્તે પૈસાનો ઘણોજ વ્યય થાય છે પણ કેળવણીની તરફ પૂરતું લક્ષ અપાતું નથી. હાલના જમાનામાં કેળવણીને પોષવાની ઘણી જરૂર છે. જૈન વિદ્યાર્થીઓ કેળવણીમાં કેમ આગળ વધી શકતા નથી તેના કારણ તપાસતાં બે કારણો ઉપર તરી આવે છે.

( ૧ ) અભ્યાસની સામગ્રીનો અભાવ—કેટલાક વિદ્યાર્થીઓ ભણી શકે તેમ હોય છે, પરંતુ પોતાની સામાન્ય સ્થિતિ હોવાને લઇને તથા કેટલીક અગવડતાને લઈને તેઓ આગળ વધી શકતા નથી. આવી પરિસ્થિતિની અંદર જૈન સમાજે—ખાસ કરીને જૈન આગેવાનોએ તેઓની અગવડતાનો તપાસ કરીને તેમને સગવડ કરી આપવી એ પણ ધર્મ છે. હાલના સમયમાં ભણવાનું મોંઘું થઈ ગયું છે એમ કેટલાક કહે છે તે તદ્દન અસત્ય નથી. પુસ્તકોની કિંમત વધી ગઈ, પાઠ્ય પુસ્તકો ( Text-Books ) પણ વધારે દાખલ થવા માંડી, તેથી કરીને જેઓ પોતાનો અભ્યાસ આગળ ચલાવી શકવાને અસમર્થ હોય તેઓને ( અપરોક્ષ રીતે ) પુસ્તકોની મદદ કરવી જરૂરની છે. વિદ્યાર્થી નિવાસ ગ્રહો ( Boarding ) ની પણ આવશ્યકતા સ્વીકાર્યા સિવાય ચાલી શકે તેમ નથી. લુહાણા–પાટીદાર ઈત્યાદિ કોમોમાં ઘણી બોર્ડીંગો છે ત્યારે આપણામાં હજુ વસ્તીના પ્રમાણમાં થોડી છે; કેટલાકોનો એવો આક્ષેપ છે કે બોર્ડીંગો એ વિદ્યાર્થીઓને બગાડવાનું સ્થાન છે, એ વાત અમુક અંશે સત્ય છે; પરંતુ જો તેના ઉપર યોગ્ય દેખરેખ રાખવામાં આવે, અને જેઓની સારી છાપ પડી શકે એવા ચારિત્રવાન્ ઉપરી ( Superintendent ) અને સેક્રેટરી વિગેરે નીમવામાં આવે અને સાથે ધાર્મિક શિક્ષણ પણ ફરજીયાત રાખવામાં આવે તો પછી તે આક્ષેપને કોઈ પણ રીતે સ્થાન રહે તેમ નથી. વિદ્યાર્થીઓને કેળવણીમાં ઉત્તેજન મળે એવા પ્રયત્નની ખાસ જરૂર છે.

(૨) આપણામાં ખાસ કરીને કેળવણીની કિંમત પૈસાથી આંકવામાં આવે છે; એટલે કે છોકરો ભણ્યા પછી શું પગાર લાવશે ? અથવા શું કમાશે ? તેનો

વિચાર થાય છે. અલબત એટલું તો હાલ જોઈ શકાય છે કે જેટલું એક સાધારણ મનુષ્ય કમાય છે તેટલું બહોળતાએ એક શિક્ષીત (Graduate) કમાતો નથી. આટલા કારણ માત્રથી કેળવણીનો બહીષ્કાર થઈ શકે તેમ નથી. કેળવણીથી જે આનંદ ઉત્પન્ન થાય છે તે ગમે તેટલા પૈસાથી મેળવી શકાતો નથી. સાધુ પુરૂષો લક્ષ્મી સિવાય પણ આનંદ રસમાં ઝીલ્યા કરે છે તે ફક્ત જ્ઞાનના પ્રભાવને લઈનેજ. એક સુથાર પણ માસિક રૂ ૪૦ થી ૫૦ મેળવે છે અને એક ગ્રેજ્યુએટ માસિક રૂ ૫૦ નો પગાર મેળવતો હોય તેટલા માત્રથીજ તે સુથારની કોઈ શિક્ષીત સાથે સરખામણી થઇ શકે નહિ. જો લક્ષ્મીથીજ માત્ર ઉન્નતિ વા પ્રગતિ થઈ શકતી હોત તો હાલના કરતાં કોઈ જુદાજ પ્રકારનું સ્થાન જૈન સમાજ ભોગવતો હોત; પણ તેવો નિયમજ નથી, તેને લઇને કેળવણીને કોઈ પણ રીતે ઓછું મહત્વ આપી શકાય તેમ નથી. કેળવણી આદર્શ જીવનના કારણભૂત છે. **જૈનશાસનને ભવિષ્યમાં જે સ્થંભો ઉપર પોતાની ઉત્તમતાનો વાવટો ફરકાવી રહેવાનું છે તેજ સ્થંભોરૂપી બાળક વા યુવાનવર્ગને નિર્માલ્ય રાખવામાં આવશે અને બીજી કોમો સાથે સ્પર્ધામાં ઉતરી શકે એટલું જ્ઞાન નહિ આપવામાં આવે અને સામાન્ય જ્ઞાન આપીનેજ જો સંતોષ માનવામાં આવશે તો પછી તે શાસન તટસ્થ કેવી રીતે ઉભું રહી શકશે ?** ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના પ્રચારને પોતાનો ધર્મ સમજી તેને મદદની આવશ્યકતા સ્વીકારી પ્રવર્તવું એ જરૂરનું છે. કેળવણીની જરૂરીઆત સ્વીકારી તેના વધુ પ્રમાણમાં પ્રચાર માટે જે જે યોગ્ય ખર્ચ કરવો જોઇએ તે કરવાને કટીબદ્ધ થવાની જરૂર છે. અંધારામાં ઝોકાં ખાવાનો હવે સમય નથી. એકલા પૈસા માત્રથીજ જીવન સારી રીતે વ્યતીત કરી શકાય નહિ અને કોમની પ્રગતિ સાધવા પણ શક્તિવાન્ થઇ શકાય નહિ. ધાર્મિક અને વ્યવહારિક બન્ને પ્રકારની કેળવણીના ફેલાવા માટે ધર્મની બુદ્ધી લાગણીઓને તેજ આપી યથાશક્તિ પ્રયત્ન આદરી ધર્માભિમાનની લાગણીઓને ચૈતન્ય આપવું જરૂરનું છે.

જૈનોની આર્થિક સ્થિતિ પણ દિનપ્રતિદિન ઘસાતી જાય છે. અમુક ટકા બાદ કરતાં જો કોમની આર્થિક સ્થિતિનું ધ્યાન દઈ નિરીક્ષણ કરવામાં આવે તો જણાશે કે કેટલાક જૈન બંધુઓ ઘણીજ તંગી અને હાડમારીમાં પોતાનું જીવન વ્યતિત કરે છે. જેઓ ઘણીજ તંગીમાંથી પસાર થઇ તાણી ખેંચીને પોતાનો જીવનવ્યવહાર ચલાવે છે, તેઓ તરફ ધ્યાન દઈ શક્તિમંત જૈનોએ પોતાથી બનતી મદદનો ભોગ આપવો એ આવશ્યક ધર્મ છે. જૈનોમાંથી વેપારી કળાનો દિનપ્રતિદિન નાશ થવા માંડ્યો, તેમજ યોગ્ય કેળવ-

ણીના અભાવે ઉંચી પદવી (નોકરી) માટે પણ લાયક થયા નહિ. માત્ર સાધારણ નોકરીમાંથી કેટલાકને જીવનવ્યવહાર ચલાવવો પડે છે. હર્ષની વાત એટલી છે કે ઘણું ખરૂં નિરાધાર જૈનો પણ બીજાની સમક્ષ દીનતા બતાવતા નથી. જ્યાં સુધી દીનપણું કોમમાં દાખલ થયું નથી ત્યાં સુધી કોમ સત્વર પ્રગતિ કરશે એમ આશા રાખી શકાય; પણ આશામાત્રથી શાંત રહેવાનું નથી. દરેક શક્તિમંત જૈને યશઃકીર્તિની આશા રાખ્યા સિવાય પોતાથી બનતી પોતાના સ્વામીભાઇને ગુપ્ત મદદ કરવા ઉત્સુક રહેવું જોઈએ. દુઃખથી પીડાતા સ્વામી બંધુને તેમાંથી મુક્ત કરવા અને તેને ઉચ્ચ સ્થિતિપર લાવવા તન–મન–ધનથી મદદ કરવી એ પણ એક પ્રકારનો ધર્મ છે. જો માણસ ધારે તો હમેશાં સ્વામીવાત્સલ્ય કરી શકે તેમ છે. આપણે લક્ષાધિપતિ હોઇએ અને આપણો પાડોશી જૈનબંધુ દરિદ્રતાથી પીડાતો હોય છતાં તેને ગુપ્ત મદદ કરવાને આપણે તૈયાર ન હોઇએ તો પછી એ લક્ષાધિપતિપણાથી શું ? કોઇ પણ જૈનબંધુને બનતી મદદ આપવી વા સેવા કરવાની ભાવના પ્રગટ કરવી એ જૈનતત્ત્વનું રહસ્ય છે. જૈન શાસ્ત્રકારોએ " સેવા ધર્મ " ને ઘણું મહત્વ આપ્યું છે. સેવાનો ગુણ દરેક મનુષ્યે ખીલવવો જોઇએ. સાધુ પુરૂષોના ચરિત્રમાં આ ગુણનુંજ પ્રાધાન્યપણું વિશેષે જોવામાં આવે છે. **सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः** એવું પ્રાચિન કવિનું વાક્ય છે; પરંતુ જો માણસ ધારે તો સેવાધર્મને હમેશાં ગમ્ય કરી શકે તેમ છે. કોઇ વીરલા પુરૂષોજ આ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ સમજી, તેના જ્ઞાતિ, કોમ, સમાજ તથા દેશ સાથેના સંબંધનું ઉંડી દ્રષ્ટિથી જ્ઞાન મેળવી તેને બજાવવાને પ્રયત્ન આદરે છે. જ્યાં સુધી સ્વામીભાઇઓ તરફ ધ્યાન ખેંચી તેમના સંકટોમાં યથાશક્તિ ભાગીદારી જોડીએ નહીં અને તેનાં સંકટોને દૂર કરવા પ્રયત્ન આદરીએ નહિ ત્યાં સુધી ધર્માભિમાનની લાગણીઓને તીવ્ર બનાવી શકીએ નહિ. ઇંગ્લાંડમાં એક વખતે અમુક પેપરમાં મીકેઅલ કૉલીન્સ ( Michael Collins ) નામના માણસનું દરિદ્રતાથી (અનાજની તંગીથી) મૃત્યુ થયેલું રસ્કીને (Ruskin) વાંચ્યું; પછી તેણે પોતાના ભાષણમાં (King's Treasure.) દયાના વિષય ઉપર બોલતાં પેલા માણસના મૃત્યુનો હેવાલ તે પેપરમાંથી વાંચી બતાવ્યો અને નીચે પ્રમાણે પોતાના ઉદ્ગાર કાઢ્યા—
"Christian, did I say ? Alas, if we were but wholesomely un-christian, it would be impossible; It is our imaginary christianity that helps us to commit these crimes, we revel and luturiate our faith, for the lewd sensation of it; dressing it up, like everything else, in fiction.

એક દેશના માણસના દરિદ્રતાથી થયેલા મૃત્યુને લઇને રસ્કીને આવા

વિચારો જણાવ્યા; જ્યારે ફક્ત એક કોમના માણુસ માટે આપણે એટલું અભિમાન ન રાખીએ તો પછી એકલા નામ માત્ર જૈન કહેવડાવવાથી શું ? શ્રીમદ્ બુદ્ધિસાગર સ્વરચિત **"કર્મયોગ"** માં નીચે પ્રમાણે જણાવે છે. "એક મનુષ્ય ધર્મીનો ડોળ કરી ભક્ત બને અને પોતે દૂધપાક વિગેરે ઉડાવે અને સામા ગરીબ લોકો ટળવળે તેના સામું જુએ નહિ, શું એ તેની પ્રભુભક્તિ છે? પ્રત્યેક મનુષ્યમાં વા પ્રત્યેક પ્રાણીમાં પ્રભુ માનીને તેની સેવા ભક્તિ ન કરવામાં આવે અને તેઓને પોતાના આત્મસમાન માની તેઓની સાથે એકહૃદયતા ધારણ કરવામાં ન આવે ત્યાં સુધી પ્રભુના નામે અનેક પોકાર કરવામાં આવે તોયે શું ? ખરેખર કંઈ નહિ." આ લખાણની સત્યતા વિચાર કરતાં માલુમ પડે છે. અન્ય જીવોને આત્મસમાન જોઈ તેમની ભક્તિની વાત તો દૂર રહી, પરંતુ ઘરનાજ માણસોમાં ભીન્નતા અને જુદાપણું જોવામાં આવે છે ત્યાં શું કહેવું ? આ વાક્યની સત્યતા આપણી કોમની કેટલીક વિધવા બાઇઓની સ્થિતિ તપાસતાં માલુમ પડશે. પુત્ર અથવા ઘરમાંના કોઈ ભ્રાતા (વડીલબંધુ) નું ઉછરતી વયમાં અવસાન થયું હોય તો પછી તેની વિધવા સ્ત્રીઓની સ્થિતિ તપાસો. આંખમાંથી અશ્રુપાત થયા વિના રહેશે નહિ. ગમે તો તેને પૈસાદાર વા સાધારણ માણસને ત્યાં પરણાવવામાં આવી હોય તેવે સ્થળે અને ઘણે ભાગે મોટા વા બહોળા–અથવા અવિભાજ્ય કુટુંબોમાં આ સ્થિતિનું અસ્તીત્વ વિશેષ જોવાય છે. વિધવાઓને પોતાના ખર્ચ માટે કોરટોમાં જવું પડે એ કોમને માટે કંઈ ઓછું શરમ ભરેલું છે ? દરેક જ્ઞાતિના આગેવાનો આ બાબતમાં ધારે તો સુધારો કરી શકે તેમ છે. વિધવાઓ કે જેઓ પુત્ર પરિવારના અભાવે અનાથ થઈ ગઈ હોય તેમને મદદ કરવાને બદલે તેમના સગાં વહાલાંજ તેમની મીલ્કત ઉચાપત કરવાને ચહાય અને વિધવાઓને પોતના ખોરાકીખર્ચ માટે જ્ઞાતિના આગેવાનો હોવા છતાં કોર્ટમાં જવું પડે એ કેટલું શોચનીય છે. વિધવાની સ્થિતિનો એક હૃદયદ્રાવક દાખલો નીચે આપવામાં આવે છે?

એક ધાર્મિક કુટુંબમાં વડીલ ભાઇનું અવસાન થયું. વડીલ ભાઇના મૃત્યુ થવાથી તેના નાના ભાઇએ તે બધી મીલકત કબજામાં રાખી મોટા ભાઇનું અવસાન થવાથી તેની વિધવા બાઈને જુદી રાખી. તે વિધવા બાઈના દુઃખમાં હજુ પણ વધારે નિર્માણ થયેલું હશે, તેથી તે બાઇને તેના દિયરે ખોરાકીખર્ચ આપવા ના પાડી. તે બાઈને જ્યારે બીજો કોઈ ઉપાય સૂઝ્યો નહિ ત્યારે દળણા દળી લોકોની તાબેદારી ઉઠાવીને પોતાનો નિર્વાહ કરવો ચાલુ રાખ્યો. સારા માઠા અવસરે પણ તેણીને તેના દિયર તરફથી બોલાવવામાં આવતી નહિ; કારણ માત્ર એટલુંજ કે તેનો વડીલ ભાઈ અયોગ્ય

કાળે અવસાન પામ્યો. તે બાઇની જીંદગી લગભગ પૂરી થવા આવી હતી તો પણ પાશેર અનાજ પણ તેણીના દિયર તરફથી મેળવવાને તે ભાગ્યશાળી બની નહોતી. દિયર ઘણા ધર્મીષ્ટ ગણાતા હતા. પ્રભુભક્તિ ઘણા આડંબર પૂર્વક કરતા હતા, વ્રત નિયમો પણ ઘણાજ પાળતા હતા, ઉપાશ્રયના તો મગથીઆં પણ ઘસી નાંખ્યા હતાં, અને કપાળે (એમના જેવા) ધર્મિષ્ટને છાજે તેવું તીલક પણ યોગ્ય પ્રમાણ કરતાં મોટું કરવામાં આનંદ માનતા હતા. પોતાની મીલકતમાંથી કંઇ ધર્માદો કરી શકાય એમ તેમને પોતે સમજેલા ધર્મને અનુસારે લાગતું નહોતું; તેથી મોટા ભાઇની મીલકતમાંથી (પોતાની ભોજાઇને દુર્દશામાં લાવીને) ઉપાશ્રયમાં કંઇક રકમ ધર્માદા આપી તથા સંઘ કાઢવાને પણ પ્રવૃત્ત થયા. અહા ! શું ધર્માભિમાનની લાગણીઓ તથા વૃત્તિઓ ! કાંઇપણ સંકોચ ધારણ કર્યા સિવાય સંઘ કાઢવાની વાત પણ જાહેરમાં લાવી દીધી. તે ગામનો સંઘ પણ તે ભાઇની ( શેઠની ) આવી ઉદાર લાગણીઓથી દોરાઇ તેમને ધન્યવાદના પુષ્પોથી વધાવી લેવા મંડી પડ્યો. તે પ્રસંગે ત્યાં કોઇ મુનિમહારાજ બીરાજમાન હતા, તેઓશ્રીને આ ગૃહસ્થની આંતરિક વ્યવસ્થાની ખબર નહિ હોવાથી સંઘની સંમતિ આપી; પછી તે બાઇએ મુનિમહારાજશ્રીને પોતાની સર્વ હકીકત નિવેદન કરી. મુનિમહારાજે તરતજ સંઘને બોલાવી જ્યાં સુધી આ બાઇનો નીકાલ ન થાય વા અમુક રકમ બાઇને ખોરાકીખર્ચ માટે બાંધી આપવામાં ન આવે ત્યાં સુધી સંઘ કાઢવાની મનાઈ કરી. ધન્ય છે તે મુનિમહારાજને ! કે જેમણે કેટલાક આડંબરી ધર્મિષ્ટ વૃદ્ધો તરફથી "મહારાજે ઘણુંજ ભારે કર્મ બાંધ્યું, સંઘમાં વિઘ્ન નાખ્યું, મહારાજ કયા ભવે છુટશે ?" એવા આક્ષેપો અપાયાં છતાં તે તરફ લક્ષ ન આપતાં પોતાની ફરજનું યોગ્ય સ્વરૂપ અવધારી તે પ્રસંગે યોગ્ય પ્રવૃત્તિ આદરી. તે ગૃહસ્થને પોતાની ભોજાઇને રીબાવીને, દુઃખ દઇને, નિરાધાર કરીને, પોતાની નહિ પરંતુ પોતાના ભાઇની મીલકતમાંથી આવા પ્રકારની ધાર્મિક પ્રવૃત્તિ આદરવાથી કયા પ્રકારની પુણ્યપ્રકૃતિના બંધનું વા પાપપ્રકૃતિના ક્ષયનું ભાન થયું હશે તે સમજી શકાતું નથી.

આ હકીકત કલ્પિત નથી, પરંતુ થોડાક વર્ષ ઉપર બનેલી સત્ય હકીકત જાણવામાં આવેલી છે. " અહિંસા પરમો ધર્મ " એ જે જૈનધર્મનો મુખ્ય સિદ્ધાંત છે તેનો ખરો અર્થ સમજ્યા વિના સાધારણ બાબતોમાં દયા પાળીનેજ એ સૂત્રના અર્થનો સમાવેશ કરી દેવામાં આવે છે. મહાત્મા ગાંધીજીએ એક વખતે પોતાના ભાષણ દરમ્યાન કહ્યું હતું કે–'જૈનો નાના જીવોની રક્ષા કરે છે અને મોટાને મારે છે.' તે વખતે આપણી વિધવા બહેનોની સ્થિ-

તિનું પણ તેમને ભાન હશે એમ કલ્પી શકાય છે.

વિધવાઓ પોતાનું જીવન સદાચારીપણે ગુજારે તેટલા માટે હુન્નર ઉદ્યોગશાળાની પણ જરૂરીઆત સ્થળે સ્થળે સ્વીકારાય છે, કે જ્યાં આગળ તેઓ હુન્નર શીખી પોતાના ઉદરપૂર્ણ જેટલું પોતે કમાઇ શકે. વિધવાઓને તથા પોતાના સ્વામીભાઇઓને ઉન્નત દશામાં લાવવા પોતાથી અનતો પ્રયત્ન આદરવો એ પણ ધર્મ છે એમ કોણ નહિ સ્વીકારે ? અપૂર્ણ.

લાલચંદ નંદલાલ વકીલ—વડોદરા.

# આપણા ઐક્યથી આપણો ઉધ્ધાર.

( લેખક-ગુલાબચંદ મૂળચંદ બાવિશી—ચુડાવાળા. )

ઐક્ય અથવા ઉદ્ધાર ઉપર લેખો લખવાનો હવે જમાનો નથી, હવે તો અસહકારમાં અથવા તો દેશહિતની પ્રગતિમય પ્રવૃત્તિમાં એકદિલથી જોડાઇ જવાનો જમાનો આવી પહોંચ્યો છે, પણ એવી રીતે જોડાઇ જવાનું ક્યારે બની શકે એ વિચારવાનું રહે છે. કોઇ વ્યક્તિપરત્વે આ લેખ લખવાનો મ્હારો લઘુ આશય નથી, પરંતુ આપણી સમસ્ત " જૈન " કોમ પરત્વે આ લેખ લખવાનો આશય છે. આપણે સૌ કોઇ સ્વીકારીએ છીએ કે આપણે પૂજ્ય મહાવીરના પુત્રો છીએ અને તેમના દરેક ફરમાનોને પૂજ્ય ભાવે માન આપવાને બંધાયેલા છીએ. પણ તે વસ્તુસ્થિતિ અત્યારે ક્યાં છે ? અત્યારે તો આપણે મનસા, વાચા અને કમર્ણા દરેક રીતે છિન્નભિન્ન થઇ ગયા છીએ અને કેટલીક બાબતોમાં વિતંડાવાદ જેવું પણ કરી રહ્યા છીએ. જો હું ન ભૂલતો હોઉં તો મહાત્મા પ્રાતઃસ્મરણીય પૂજ્ય મહાવીર ભગવાનના બતાવેલા "ઐક્ય" અને "ભ્રાતૃભાવ" એ "અહિંસા પરમો ધર્મ " ની સાથે ઓતપ્રોત થયેલાજ હતા, ત્યારે અત્યારે એ સૂત્રોને આપણે સમજ્યા છતાં ભૂલી ગયા છીએ અને એ પ્રમાણે ભૂલી જવાથી આપણી રાજકીય અને ધાર્મિક બાબતોમાં અધોગતિ થઇ છે. આ અધોગતિથી આપણે આપણો રાષ્ટ્રીય અને ધાર્મિક જુસ્સો ગુમાવી બેઠા છીએ અને પરિણામે આપણું માન જાળવી રાખવા પણ શક્તિમાન થઇ શક્યા નથી. આપણા માટે આ એક શોચભરી બીના તો લેખાયજ.

આ બધા દુઃખદ પ્રસંગોમાંથી બચવા માટે હવે આપણી કોમમાં " ઐક્ય " સાધવાની જરૂર છે, એટલે આપણે એકત્ર થવાની આવશ્યકતા છે. એકત્ર થયા સિવાય આપણી જરાપણ પ્રગતિ થઇ શકવાની નથી, નાના મોટાનું માન જાળવી શકવાના નથી, ધર્મપરાયણતા જાળવી શકવાના નથી

અને પરિણામે વધારે વિપદ્ દશા ભોગવવી પડશે એમ જણાય છે, તેમ કહેવામાં અતિશયોક્તિ થતી હોય તો ક્ષમા કરશો.

ધાર્મિક દષ્ટિએ જો આપણું ઐક્ય સધાશે તોજ આપણે આપણા દેશમાં, દરેક પ્રવૃત્તિમાં અને અહિંસાત્મક પ્રગતિમાં માન મરતબા સહિત મોભો જાળવવા શક્તિવાન થઈશું.

આપણા માટે જૈન દેરાસરો–ઉપાશ્રયો વિગેરે નૈસર્ગિક ભાવ ઉત્પન્ન કરાવનારા આલ્હાદજનક સ્થળો અસ્તિત્વમાં છે, છતાં હું તમામ જૈનવર્ગને નમ્રતાપૂર્વક પૂછીશ કે, આપ હમેશાં પૂજા અર્ચન કરવા જાઓ છો ? આપના કુટુંબનું સ્ત્રીમંડળ હમેશાં નાહી ધોઇ પ્રતિમાની પૂજા કરી સાધુજનોને નમન કરી ગૃહકાર્યમાં પ્રવૃત્ત થાય છે ? સામાયિક, પ્રતિક્રમણ તથા વ્રત પચ્ચખ્ખાણ શાસ્ત્રાનુંસાર કરો છો ? આપના ઉછરતા વર્ગના યુવાનોના વિચારો જાણ્યા છે ? યુવાનવર્ગ દેરાસરજી જવામાં–પૂજા અર્ચન કરવામાં, સામાયિક પ્રતિક્રમણાદિ ક્રિયાઓ બજાવવામાં કેટલે અંશે તત્પર છે ? સાધુ-મુનિરાજાઓએ આ દિશામાં શું પ્રયત્નો કર્યા છે ? સાંજે પવિત્ર સ્થળોમાં બેસીને ધર્મચર્ચા–જ્ઞાન ગોષ્ટિ–કોઇ કરે છે ? વિગેરે વિગેરે. આ બધા પ્રશ્નોના જવાબમાં આપણે ઘણે અંશે નૈરાશ્યજ પ્રાપ્ત કરીશું. એવીજ રીતે આપણા વ્યવહારિક જીવન અને સમાજ જીવનમાં પણ સડો પેઠો છે અને જ્યારે એવા પ્રકારનો સડો ઉંડો ઉતરી ગયો છે, ત્યારે હાલમાં ચાલતી મહાન્ પ્રવૃત્તિમાં આપણે કઈ રીતે જોડાઇને સહાયભૂત થવાના હતા ? અને રાષ્ટ્રીય હિસ્સો કેવી રીતે આપવાના હતા ? હવે ઐક્ય સિવાય આપણે કુદરતી જીવન લાંબો વખત જીવી શકીશું કે કેમ ? તેની પણ મને તો શંકાજ છે. તો હવે ઐક્ય સાધવામાં જરા પણ પાછા પડ્યા સિવાય ઉદારતા–સહનશીલપણું–મૌન– ધર્મપરાયણતા–બ્રહ્મચર્ય વિગેરેને પોતાના દેહની સાથે જમાવી, અદેખાઈ, વૈમનસ્ય, શઠપણું, વિતંડાવાદ વિગેરેનો ત્યાગ કરી, ઐક્યતાની અદ્વિતોય ગ્રંથિમાં આપણી જૈનકોમ પૂર્ણપણે ગુંથાય તેમ શુદ્ધ અંતઃકરણપૂર્વક ઇચ્છી વિરમું છું.

---

સમજ સમજ હે માનવી, અવસર એળે જાય;
ધર્મ દાન કર માનવી, એ ઉત્તમ સઝાય.
જૈનધર્મમાં જન્મીને, બન તું ઉત્તમ જૈન;
લક્ષ ચોરાશી નહીં ટળે, જો ત્યાગીશ ધર્મ તું જૈન.

ગુલાબચંદ મૂળચંદ બાવીશી.

# આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિક જીવન.

(૧૫)

કળાની દૃષ્ટિએ મંદિરોના સંબંધમાં પહેલાં જે કાંઇ કહેવાયું તે તીર્થોને વિશેષે કરીને લાગુ પડે છે. કારણ કે આગળ જણાવેલી સૌન્દર્યવિષયક ઉણપો મંદિરના મંદિરત્વની જેટલી ઘાતક છે તેથી ઘણી વધારે તીર્થના તીર્થત્વની ઘાતક બની રહી છે. મંદિર કરતાં તીર્થનો આદર્શ વધારે ઉંચો છે. જે બાબતો મંદિરમાં સામાન્ય રીતે ચલવી લેવાય તે બાબતો વિષે પણ તીર્થ પ્રદેશોમાં વધારે સખ્ત થવું જોઇએ. શાન્તિ, સાદાઇ અને પવિત્રતા—એ ત્રણ ગુણો ઉપરજ તીર્થની પવિત્રતા પ્રતિષ્ઠિત થયેલી છે. તે ત્રણેનો જ્યારે જ્યારે તીર્થોમાં ભંગ થતો જોવામાં આવે ત્યારે ત્યારે સહૃદય ધાર્મિક જનને દુઃખ થયા વિના ન રહે. અત્યારના તીર્થોમાંથી શાન્તિ અને સાદાઇ બહુ ઘટતાં જાય છે અને પવિત્રતાનો પણ કેટલીક રીતે લોપ થતો જોવામાં આવે છે. આ સ્થિતિ શોચનીય ગણાય છતાં શાન્તિ અને સાદાઇનો ધૃષ્ટતાપૂર્વક ભંગ કરવામાં ધાર્મિકતાની પરાકાષ્ટા સમજવામાં આવે છે અને પવિત્રતાનું જે જે બાબતમાં ઉલ્લંઘન કરવામાં આવે છે તે તે તરફ ઉપેક્ષાવૃત્તિ વધતી જાય છે. અત્યારે આપણું મોટામાં મોટું તીર્થ શત્રુંજય ગણાય છે તેની શી સ્થિતિ છે? જે ભૂમિ ઉપર અનશન વ્રત ગ્રહી અનેક મુનિવરો મોક્ષપદને પામ્યા તે ભૂમિ ઉપર આપણે અત્યારે એટલો બધો ઠાઠ અને ધમાલ વધારી દીધાં છે કે કોઇ વૈરાગ્યવાસિત મુમુક્ષુ આત્મા ત્યાં ઘડીભર શાન્તિ પામી ન જ શકે. ત્યાં ઘી બોલવાના રીવાજે તો આખા તીર્થનું દેવદ્રવ્યવર્ધક પેઢીમાંજ રૂપાન્તર કરી દીધું છે. કેટલાંક સુશોભનો તો માત્ર ત્રાસજનક હોય છે. ભારે મુગુટ આભૂષણોથી આખું તીર્થ સભય બની રહ્યું છે અને જ્યાં ત્યાં સંયમવ્રતધારી ક્ષમાશ્રમણોને બદલે દંડ કે બંદુકધારી દાઢીબાજ સિપાઇ જમાદારો દર્શન આપી રહેલ છે. શૌચાદિકની પવિત્રતા જાળવવા ઘણો પ્રયાસ થાય છે, પણ સ્ત્રીસંઘટ્ટન ન થાય તે બાબતમાં કશી વ્યવસ્થા દેખાતી નથી. મનોગુપ્તિ, વચનગુપ્તિ કે કાયગુપ્તિમાં તો કોઇ સમજતું નથી. ઘણી વખત પૂજા કરવામાં એવો ચડભડાટ જોવામાં આવે છે કે આપણી બજાર અને શાકમારકીટ યાદ આવી જાય અને આપણે કયાં છીએ તેની ભ્રાન્તિ થઇ આવે! આવી પરિસ્થિતિ ઓછે વધતે અંશે સર્વ તીર્થોની થઈ રહી છે. તેમાં જ્યાં સુધી સુધારો નહિ થાય ત્યાં સુધી ખરા તીર્થોદ્ધારની આશા વ્યર્થ છે. ખરો

તીર્થોદ્ધાર માત્ર મંદિરો સમરાવવામાં નથી રહેલો પણ તીર્થની સંસ્થામાં જે ઉચ્ચ આશયો રહેલા છે તે આશયોને પહોંચી વળવામાં રહેલો છે. અત્યારે જૈનતીર્થોમાં તે આશયનો બહુ ઓછે અંશે સદ્ભાવ દેખાય છે; છતાં આ જૈનતીર્થોની રચના અને ઘટના એવા પ્રકારની છે કે જૈનભાઇઓ ધારે તો આદર્શતીર્થો કેવાં હોવાં જોઇએ તેનો બહુ સહેલાઇથી સર્વ ધર્મીઓને સાક્ષાત્કાર કરાવી શકે. તીર્થે ગયેલા તરે નહિ તેના જવાબદાર જેટલા યાત્રાળુઓ છે તેટલાજ તીર્થના વહીવટકર્તાઓ છે. ઉભયપક્ષી સમજે અને સુધરે તો સહેજે તીર્થો મનુજસૃષ્ટિમાં સ્વર્ગના ધામ બની જાય. આ માટે આગળ જણાવ્યું તેમ તીર્થોમાં વધતી જતી અશાન્તિનો જલદીથી અટકાવ થવો જોઇએ; ઘી બોલવાના રીવાજને સદાને માટે તિલાંજલિ મળવી જોઇએ. જેવી રીતે ગંગાને આરે ગરીબ પૈસાદાર સૌ કોઈ પાણી પી શકે તેમ તીર્થને આરે આવેલા સૌ કોઇને આત્મશ્રેય સાધવાની એક સરખી સગવડ હોવી જોઇએ; વળી તીર્થમાં અનેક તરેહના માણસો એકઠા થાય, તેથી તીર્થો તેમજ તીર્થીઓ ઉભયને હમેશાંને માટે નિર્ભય બનાવવા હોય તો તીર્થોમાંથી સોના રૂપાનો સદાને માટે બહિષ્કાર થવો જોઇએ. મૂર્તિને માટે સોના રૂપા તથા હીરા મોતીનાં આભૂષણોની જરૂર મનાતી હોય તોપણ તે મોટા શહેરમાં આવેલાં મંદિરો ભલે વસાવે! તીર્થોને આ ઉપાધિથી મુક્તજ રાખવા જોઇએ. આવી સામગ્રી તીર્થોને બેડી સમાન છે. આ બધાંનો અર્થ એમ નહિ કે તીર્થોપર કોઇએ સુંદર મંદિરો ન બંધાવવા. મંદિરો અને તેટલા સુન્દર જરૂર બનાવો, મંદિરો પાછળ દેશકાળ વિચારી ખરચાય તેટલું દ્રવ્ય જરૂર ખરચો! પણ આમાં વસ્તુપાળ તેજપાળ જેવો ન્યાય કરવો ઘટે છે. વસ્તુપાળ તેજપાળે આબુ ઉપર જે મંદિરો બંધાવ્યા તેની જોડ અત્યારે મળવી મુશ્કેલ છે, છતાં તે મંદિરો નિર્ભય છે; ત્યાં ચોર કે લુંટારાની બીક નથી. આ પદ્ધતિનો તીર્થમંદિરોમાં તો ખાસ સ્વીકાર કરવો ઘટે છે. સાદાઇ અને સૌન્દર્યને વિરોધ નથી; સાદાઇનો અર્થ દ્રવ્યનો અતિ પરિમિત વ્યય કરવામાં નથી રહેલો, મંદિરો વિશાળ થાય, વિવિધ તરેહનું કોતરકામ થાય, સુન્દરમાં સુન્દર મૂર્તિઓની પ્રતિષ્ઠા થાય—આ બધું તીર્થમંદિરોને માટે બહુજ આવશ્યક છે, પણ ડોળડમાક–ઠાઠ તો તદ્દન નાબુદ થવાંજ જોઈએ. તીર્થમંદિરના વાતાવરણમાંથી એવાજ સૂર નીકળવા જોઇએ કે જેના સંગીતથી માણસ નમ્ર બની જાય; માણસની અહંતા પાણીના પરપોટાની જેમ લય પામી જાય; પ્રભુના પ્રભુત્વનો ખ્યાલ પામી માનવી માત્ર દીન બની જાય. આ તો શાન્તિ અને સાદાઈની વાત વિચારી, પરંતુ પવિત્રતા પણ એટલીજ અગત્યની છે. પવિ-

ત્રતાનું સ્થૂળ સ્વરૂપ સ્વચ્છતા છે, તીર્થમંદિરમાં એક પણ સ્થળે ગંદકી કે કચરો ન જોઇએ: સર્વ કાંઇ સુઘડતાથી ભરેલું જોઇએ. અહીં જરા પણ ગંદકી કરનાર માણસ મોટા પાપનો અધિકારી બને છે, એનું વિસ્મરણ થવું ન જોઇએ. તીર્થસ્થળ સ્વચ્છ હોવા સાથે સુવાસિત હોવું જોઇએ. આવી સ્વચ્છતા, સુઘડતા તથા સુવાસિતતાથી તીર્થસ્થાનમાં પવિત્રતાની પ્રતિષ્ઠા થાય છે, પણ પવિત્રતાનું ખરૂં રહસ્ય તો તીર્થસ્થળમાં રહેનાર, આવનાર તથા જનારના આચારવ્યવહારની શુદ્ધિમાં રહેલું છે. ગમે તેટલી બાહ્ય શુદ્ધિ જળવાય પણ તીર્થમાં દુરાચાર, અનાચાર કે અત્યાચારને અવકાશ મળે તો તીર્થ તીર્થ મટી દુર્ગતિનું દ્વાર થઇ પડે. સ્ત્રી પુરૂષ વિષયક વિશુદ્ધિ સૌથી વધારે અગત્યની છે. કેટલાંક તીર્થસ્થળો આવાજ દુરાચાર માટે સુપ્રસિદ્ધ હોય છે. આવાં તીર્થોમાં જવાથી તો આપણે દુષિતજ થઈએ. કેટલાંક તીર્થસ્થળોમાં જુગાર રમવાનો બહુ પ્રચાર વધી પડેલો સંભળાય છે. આવી બદીઓથી જૈનતીર્થો લગભગ મુક્ત છે તે સદ્‌ભાગ્યની વાત છે, છતાં આ વિશિષ્ટતા સદા જળવાઇ રહે તે બાબત આપણે ઓછા સાવધ રહેવાની જરૂર નથી. ઉપર જણાવેલી બાબતો ઉપરાંત પણ અન્ય દિશાએ ઘણી જાતની જીવનશુદ્ધિ તીર્થસ્થળોપર આવતા જૈનભાઇઓને ખાસ આદરણીય છે. તીર્થસ્થળે આવીને સૌ કોઇએ બને તેટલું સાદું અને તપોમય જીવન અંગીકાર કરવું જોઇએ. આ બાબતમાં ઘણે સ્થળે બહુ ઉપેક્ષા થતી જોવામાં આવે છે. મનશુદ્ધિ, વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિ એ ત્રિકરણ શુદ્ધિ વિસરવામાં આવે તો તીર્થયાત્રાનો ફોગટ ફેરો થયો ગણાય. તીર્થસ્થળ ઉપર આવતા ભાઈઓમાં ઉંચા પ્રકારનો વિનયયુકત વાગ્વ્યવહાર જોઇએ, તે આપણામાં ભાગ્યેજ જોવામાં આવે છે, તે પરિસ્થિતિ દુઃખદ છે. સદા વ્યાપારબાધિત ચિત્તવૃત્તિવાળા વણિક જૈનોમાં ઉંચા પ્રકારનું વાગ્માધુર્ય ન હોય તો તે સ્વાભાવિક છે, પણ આપણે તીર્થે જઈએ ત્યારે આપણી વાચામાં સહેજે નમ્રતા, મૃદુતા, દીનતા તો આવવાંજ જોઈએ, આપણાં વચનોમાં વિનયયુકતતા અને ધાર્મિકતા દીપાવાંજ જોઇએ, આને બદલે યાત્રાળુઓના વ્યવહારમાં તોછડાઈ, અહંતા, હરીફાઈ, ઇર્ષ્યા અનુભવગોચર થાય છે તે અતિ શોચનીય છે. આવી નાની અને મોટી, બાહ્ય અને આન્તર સર્વ બાબતોમાં સુધારો નહિ થાય ત્યાં સુધી ખરો તીર્થોદ્ધાર થવો અશક્ય છે એ આપણે સત્વર સમજી લેવાની જરૂર છે.

સંગીત વિષયક એક સૂચના અહિં તીર્થના સંબંધમાં ખાસ કરવા જેવી લાગે છે. કેટલાંક તીર્થોમાં ચોઘડિયાં વગાડવાનો રીવાજ હોય છે, પણ આ રીવાજ દિનપ્રતિદિન ઘટતો માલુમ પડે છે. લોયણીજીમાં આ ચોઘડિ-

આનો જેને જેને મિષ્ટ અનુભવ થયો હશે તે આની મજા શું છે તે જરૂર સમજી શકશે. આ રૂઢી પ્રાચીન કાળની છે અને અત્યારે ખાસ ઉત્તેજન આપવા જેવી છે. પણ સાથે સાથે એ સમજવાની જરૂર છે કે ચોઘડિયાંનો અર્થ ચાર ચાર ઘડિએ પા કલાક સુધી કાન ફોડી નાંખે તેવી નોબત સરણાઇઓ રાગ સૂર કે મેળ વિના વાગી જાય તે નથી. આપણા ગુજરાતમાંથી નોબત શરણાઈની કળા નાબુદ થતી જાય છે તેથી નોબત શરણાઈ એટલે બે કાનફોડ વાજીંત્રો એ સિવાય આપણને વિશેષ ખ્યાલ નથી. નોબત શરણાઇ ખરો અનુભવ મહારાષ્ટ્રમાં જવાથી થઈ શકે તેમ છે. જુદી જુદી સમય સમયની રાગણીઓ કર્ણમધુર શરણાઇમાંથી સાંભળવાનો આનંદ અવર્ણનીય છે. પૂર્વકાળમાં રાજા મહારાજાઓની ડેલીઓ ઉપર પણ શરણાઇ નોબત સમયાનુકૂળ રસપૂર્ણ રાગો લલકારતી અને એ રીતે સમયનિર્દેશ કરતી. એનું સ્થાન અત્યારે એક, બે, ત્રણ ચાર–ગણાવતી ઝાલર ઘંટાએ લીધું છે, એ આપણી સંગીત વિષયમાં અવનતિ સિદ્ધ કરવાને બસ છે. આપણાં તીર્થોમાં શરણાઇ નોબતની પ્રથાને વધારે ઉત્તેજન આપી પ્રસારવી, સારા સારા વગાડનારને આ કામ ઉપર નિયોજવા અને આવી રીતે યાત્રાળુઓના આત્માને આનંદથી ઉલ્લાસાયમાન કરવા. આ બાબત તીર્થોના વહીવટકર્ત્તાઓને ખાસ ધ્યાનમાં લેવા વિજ્ઞપ્તિ છે.

હવે જીર્ણોદ્ધારના સંબંધમાં વિચાર કરીએ. આમાં બે બાબત વિચારવા જેવી છે. એક તો કળાના સુંદર નમુનારૂપ આપણાં અનેક દેવાલયો જર્જરિત થઇ રહ્યાં છે તે તરફ આપણી અક્ષમ્ય ઉપેક્ષાવૃત્તિ વિષે અને બીજું જે જે મંદિરોનાં જીર્ણોદ્ધાર કરીએ છીએ તે તે મંદિરોના જીર્ણોદ્ધારમાં આપણી અણસમજને લીધે જોવામાં આવતી અનેક ક્ષતિઓ વિષે.

પ્રથમ જણાવેલી બાબતમાં આપણી ઉપેક્ષા બે રીતે અક્ષમ્ય છે. એક તો આપણને જે ભવ્ય અને સુંદર મંદિરો વારસામાં મળ્યા છે તેની ઉપેક્ષા કરીએ છીએ તે આપણો સાધારણ દોષ ન ગણાય અને તેવી સ્થિતિમાં પણ જે તીર્થો કે મૂર્તિઓ ઉપર આપણને બહુજ પક્ષપાત હોય તેને શોભાવવામાં, તેનાં આભૂષણો ઘડાવવામાં આપણે લાખો રૂપિયાનો ખર્ચ કરતા હોઇએ છીએ ત્યારે ઉપરોક્ત દોષ બેવડી રીતે અક્ષમ્ય બને છે. આ તો તરસ્યા ભુખ્યાને અન્નજળ આપવાની પરવા ન કરવી અને પેટભર્યાને ફરી ફરીને જમાડવા જેવું દુષિત ગણાય. આપણાં જૈનમંદિરોનાં મોટાં ત્રણ મથક બિહાર, રજપુતાના અને ગુજરાત. આમાં ગુજરાતમાં તો ધનિક જૈનોનો બહુ વસવાટ તેથી ગુજરાતનાં મંદિરોની તો ઓછી વધતી પણ ઠીક ઠીક સંભાળ લેવાય છે, પણ બિહાર અને રજપુતાનાના મંદિરોની દશા બહુ દુઃખદ અને શોચનીય

હોઈને જૈનસમાજને બહુ શરમાવનારી ગણાય તેમ છે. બિહારમાં બહુ મોટાં મંદિરો નથી. કેટલીક કલ્યાણક ભૂમિઓ તો માત્ર પાદુકાથી શોભી રહી છે; પણ રજપુતાનાના ભવ્ય મંદિરો અત્યારે વિનાશ પામી રહ્યાં છે તેનો કેમ કોઇ વિચાર કરતું નથી ? મેવાડ અને મારવાડ આપણા જૈનોને ગૌરવ પમાડનારા દેશો છે. મેવાડ મારવાડના ઈતિહાસમાં જૈનોએ યશસ્વી ચિરંજીવ સ્થાન મેળવેલું છે. આ મેવાડ મારવાડમાં જે જૈનમંદિરો છે તેની સાથે શોભામાં, ભવ્યતામાં, કોતરકામમાં કે બાંધણીમાં ઉભાં રહે એવાં ભાગ્યેજ હિંદના અન્ય વિભાગોમાં જૈનમંદિરો દૃષ્ટિગોચર થાય છે. આ મંદિરોને બચાવવામાં આવે, ઉદ્ધારવામાં આવે, સંભાળવામાં આવે અને અન્ય પ્રજાઓને પરિચિત કરવામાં આવે તો હિંદની પ્રાચીન અને મધ્યકાલીન શિલ્પકળા અને આલેખન કળા ઉપર અસાધારણ પ્રકાશ પડ્યા વિના ન રહે. અત્યારે આણંદજી કલ્યાણજીએ પોતાને પ્રાપ્ત થયેલી મોટી મીલ્કતમાંથી આદીશ્વર ભગવાનનાં લાખો રૂપિયાની કિંમતનાં આભૂષણો કરાવ્યાં સાંભળ્યાં છે. આદીશ્વર ભગવાનને આભૂષણની ખોટ નહોતી, અને તેમ છતાં પણ એ પાંચ વર્ષ તે આભૂષણો મોડાં થયાં હત તો ચાલત, તેટલીજ મીલ્કતમાંથી જિનમંદિરોના જીર્ણોદ્ધારના અતિ અગત્યના પ્રશ્નનો બહુ સહેલાઈથી નીવેડો આવી શકત. આથી પૂર્વ કળાનાં અપ્રતીમ અવશેષો બચત અને જૈન પ્રજાનું ગૌરવ વધત. એક બાજુએ જ્યારે અનેક મંદિરોની માટી થઈ રહી હોય ત્યારે બીજી બાજુએ અમુક મૂર્તિને શણગારવામાં અનર્ગળ દ્રવ્ય ખરચ્યે જઇએ, આમાં ડહાપણ, દીર્ઘદૃષ્ટિ કે વિવેક કયાં રહ્યો ? જ્યારે ભવિષ્ય કાળમાં એ પુરાતન મંદિરના ખંડેરો ઉપર કોઇ ઇતિહાસ સંશોધક વિચરશે અને સાથે સાથે શત્રુંજય, ભોયણી કે પાંચસરની સમૃદ્ધિનાં વર્ણનો વાંચશે ત્યારે ઇતિહાસ પટ ઉપર તે જૈનપ્રજા માટે કેવો અભિપ્રાય આળેખશે !

હવે બીજી બાબત જીર્ણોદ્ધાર વિધાનમાં પ્રગટ થતાં આપણાં અજ્ઞાનાચરિત વિષેની રહી. કોઈ પણ જીર્ણ મંદિર ઉદ્ધારવામાં મુખ્ય બાબત એ લક્ષ્યમાં રાખવી જોઇએ કે મંદિરના મૂળ સ્વરૂપને કોઈ પણ રીતે ક્ષતિ ન પહોંચે. મંદિરની બાંધણીમાં કે ઘટનામાં, આલેખનમાં કે ચિત્રકામમાં—સર્વત્ર મંદિરની મૂળ એકરૂપતા અબાધિત રહેવી જોઇએ. આનો આશય એમ નહિ કે જેટલું જુનું એટલું સારૂં પણ જુના અને નવાની આજ જ્યાં ત્યાં મેળ વિનાની ભેળસેળ જોવામાં આવે છે તે જોઇને તો બહુ દુઃખ થાય તેમ છે. આથી બાંધકામ તો અસલનુંજ બરોબર વિચારીને જાળવી રાખવા પ્રયત્ન કરવો જોઇએ. સુશોભનમાં પણ મૂળ આરસ હોય તેને બદલે અત્યારે જાત જાતની

વિલાયતી લાદીઓ ગોઠવવામાં આવે, મૂળ ઘેરા રંગોથી ભીંત રંગાયલી હોય તેને બદલે અત્યારે અંગ્રેજી ખુલતા રંગથી ભીંતો ભરવામાં આવે, મુળ ૐ, ह्रीं કે સિદ્ધચક્રનાં આલેખનો હોય તેને બદલે યુનીયન જેક કે અંગ્રેજી રાજચિન્હોનાં આલેખનો નજરે પડે, મૂળ મંદિર બનાવનાર શેઠ શેઠાણીને એક ઠેકાણે હાથ જોડાવી નમ્ર ભાવે ઉભા રાખવામાં આવ્યા હોય તેને બદલે અત્યારે વીશમી સદીના પૂર ફુઆબવાળા પોશાકમાં સજ્જ થયેલ મંદિરોદ્ધારક શેઠ શેઠાણીની અર્ધી કે આખી છબી ભીંત ઉપર ચિત્રાયલી કે ટંગાયલી જોવામાં આવે; આવી દશા જોઇને આપણને એમજ થાય કે આ તો મંદિરનો ઉદ્ધાર નહિ પણ પતનજ થઇ ગયું ! આ વિષયનો અહિં વિસ્તાર કરવાને અવકાશ નથી તેથી સંક્ષેપમાં એટલીજ સૂચના કરવાની કે જીર્ણોદ્ધાર કરાવનારે પોતાની જવાબદારી બરોબર સમજીને મંદિરના મૂળ સ્વરૂપને જરા પણ હાનિ ન પહોંચે પણ મૂળ સ્વરૂપ વિશેષ પુષ્ટ બને તેવી રીતેજ મંદિરો સમરાવવાનું કામ કરવું. આમ કરવાથીજ ખરૂં કલ્યાણ છે. અન્યથા જીર્ણોદ્ધાર કરાવનાર ઉલટો અમુક અંશે દોષભાગી બની જાય છે.

હવે તીર્થવિષયક ચર્ચામાં આગળ વધતાં પહેલાં તીર્થો સાથે અનિવાર્ય સંબંધ ધરાવતી ધર્મશાળા વિષે થોડો વિચાર કરી લઇએ. કળાદૃષ્ટિએ ધર્મશાળાના વિષયમાં મુખ્ય વાત એ જણાવવાની કે અત્યારે ચણવામાં આવતી ઘણીખરી ધર્મશાળાઓ કદિ પણ દેખાવમાં ધર્મશાળાઓ નથી લાગતી, પણ ધનિક પુરૂષોને વસવા યોગ્ય નિવાસસ્થાનો હોય તેવી દેખાય છે. આ દોષ સૌથી વધારે પાલીતાણાની ધર્મશાળાઓમાં દૃષ્ટિગોચર થાય છે. નવી નવી ધર્મશાળાઓનો મુખભાગ રાજમહેલ જેવો અને અંદર સગવડ જુઓ તો કાંઇ ન મળે. આ બન્ને તત્ત્વ ધર્મશાળાની ભાવનાના વિરોધી ગણાય. ધર્મશાળાનો દેખાવ બહુજ સાદો જોઇએ. દૂરથી જોઇને કોઇ અજાણ્યાને પણ એમજ થવું જોઇએ કે સામેનું મકાન ધર્મશાળાનુંજ હોવું જોઇએ. સપાટ જમીન ઉપર એકઢાળીઆવાળી ઓરડીઓની હારની હાર ઉભી હોય અને મુખભાગ ઉપર આવે તેને નિમંત્રણ આપે તેવો સાદા ઘાટનો વિશાળ દરવાજો હોય. ધર્મશાળા ચણાવનારના કશા માલીકી હક ન હોય અને ધર્મશાળાના મુનિમના ઓરડીઓ ઉપર ખોટાં તાળાં ન હોય. ધર્મશાળાની અંદર તથા આસપાસ સ્વચ્છતા જાળવવાની સખ્ત ગોઠવણ હોય અને રસોડાની તથા શૌચની બરોબર ગોઠવણ હોય. આવા ધોરણો ઉપર ધર્મશાળાઓ બંધાય ત્યારેજ યાત્રાળુઓની સેવા સાધવાનો ઉદ્દેશ ખરીરીતે પાર પડ્યો કહેવાય. બાકી અત્યારની ધર્મશાળાઓમાં તો માત્ર ભાડું નહિ લેવામાંજ ધર્મશાળાપણું જળવાઇ રહ્યું છે. આથી વિશેષ

કશો ઉદ્દેશ અત્યારની ધર્મશાળાઓ સાધી શકતી હોય તેમ મને તો લાગતું નથી. અત્યારની ધર્મશાળાઓ કાં તો રાજમહેલ જેવી હોય છે, નહિતો પાંજરાપોળ જેવી હોય છે, આનો અર્થ એજ કે ધર્મશાળાનો શું ઉદ્દેશ હોય તે કોઇ સમજતું નથી. યાત્રાળુઓ તીર્થસ્થાનમાં આવે છે તે માત્ર મંદિરોનાં દર્શન કરવાને નહિ પણ તીર્થસ્થાનમાં નિવૃત્તિથી રહીને બની શકે તેટલું ધર્મવિહિત જીવન ગાળવાને માટે આવે છે. આવી સગવડ ધર્મશાળા ન આપી શકતી હોય, આવું વાતાવરણ ધર્મશાળા ઉભું ન કરી શકતી હોય, આવું ધર્મપુરઃસર જીવન ધર્મશાળા શીખવી ન શકતી હોય તો ધર્મશાળા અને વગર ભાડાના મકાનમાં શું ફેર રહ્યો? માટેજ ધર્મશાળાના બાહ્ય દેખાવમાં કે અન્તર ઘટનામાં આવા ઉદ્દેશોના અનુસરણની ખાસ અગત્યતા છે.

જેવી ભૂલ ધર્મશાળા બાંધવામાં થાય છે તેવીજ ભૂલ સાધુ સાધ્વીના ઉપાશ્રયો બાંધવામાં પણ થતી દેખાય છે. આપણે આપણાં સ્થાપત્યના નિયમોની એટલી બધી ઉપેક્ષા કરી દીધી છે કે આપણા સલાટોને જ્યારે આવા કોઇ મકાનો બાંધવાનું કહેવામાં આવે છે ત્યારે તે યુરોપની કોઇ હોટેલ કે નિવાસગૃહના નકશા ઉપરથી પ્લાન ઉતારી લાવે છે અને તે પ્રમાણે મકાનો બંધાય છે. આ રીતે ચાલતાં ભવિષ્યમાં શિખર ધ્વજ વિનાના વિલાયતી નળીઆના છાપરાવાળા અને ગેલેરી તેમજ બે ચાર માળવાળાં જિનમંદિરો પણ બંધાશે એવો ભય ઉત્પન્ન થાય છે. મકાન બાંધતાં પહેલાં કોના ઉપયોગ માટે તે મકાન બાંધવાનું છે તેનો પ્રથમ વિચાર કરી તેને અનુસરતી યોજના તથા દેખાવવાળાજ મકાનો બાંધવા જોઇએ. ધર્મશાળા કે ઉપાશ્રયો બાંધવામાં આવી બાબતની ઉપેક્ષા થવાથી તે તે સંસ્થાઓ ભાવનાશૂન્ય બનતી જાય છે તેનો બરોબર વિચાર કરી હવેથી ભવિષ્યમાં આવી ભૂલો ન થાય એવી જૈનસમાજે ખાસ સંભાળ લેવી જોઇએ.

હવે મૂળ વિષય ઉપર આવતાં આજકાલ નવાં નવાં તીર્થો ઉભાં થાય છે તે વિષયમાં જૈન પ્રજાનું ખાસ ધ્યાન ખેંચવાની જરૂર લાગે છે. અર્વાચીન તીર્થોમાં ભોયણી, પાનસર, જઘડીઆ, ઉપરિયાળા વગેરે ગણાય. આ બધાં તીર્થો ઉભા થવાનું મૂળ કારણ વિચારતાં માલુમ પડે છે કે તે સ્થળોની આસપાસમાં જિનમૂર્તિ નીકળેલી અને તેથી તે તે સ્થળોનો મહિમા વધી ગયો અને તીર્થસ્થાનો ઉભા થયા. આવી રીતે તીર્થો ઉભા કરવામાં આપણે બહુ જવાબદારી વધારતા જઇએ છીએ તે બહુજ વિચાર કરવા જેવી બાબત છે; વળી પહેલાંના તીર્થોના નિર્માણ કેમ થયાં હશે તેનો વિચાર કરતાં આપણે જોઇ ગયા કે કાં તો તે તે સ્થળોને તીર્થંકરોના જીવનચરિત્ર સાથે ગાઢ સંબંધ હોય અથવા તો તે સ્થળ સ્વતઃ બહુજ સુન્દર હોય. માત્ર મૂર્તિ

નીકળી એટલે એ સ્થળની તીર્થસ્થાન માટે યોગ્યતા સિદ્ધ થઇ જતી નથી. આવી રીતે નવાં નવાં સ્થાનો ઉભાં થતાં, જુનાં અને વધારે મહત્વવાળાં તીર્થ સ્થાનો પ્રત્યે લોકોની ઉપેક્ષા થતી જાય છે અને નૂતન વ્યામોહ વધતો જાય છે. લોકોની શ્રદ્ધા અને ભક્તિ ધર્મની ખરી મૂડી છે, તે આમ નવાં નવાં સ્થળો પાછળ ખરચાય તે કોઇ રીતે ઇચ્છવા યોગ્ય નથી. આ બાબતોમાં શ્રાવકોને તેમજ સાધુઓને બહુ દુરંદેશી વાપરીને વિચાર કરવો ઘટે છે. નવી મૂર્તિ નીકળે તો માનપૂર્વક નજીકના મંદિરમાં પધરાવો પણ તેની પાછળ મોટા મંદિર અને મોટી મોટી ધર્મશાળાઓના ખર્ચમાં ઉતરવા જેટલી આપણી સંપત્તિ નથી. અત્યારના સમયમાં તો જે મંદિરો અને પ્રાચીન તીર્થોનો અમુલ્ય વારસો મળ્યો છે તેની સંભાળ લેવાય તો બસ છે.

આની સાથેજ ઉપર જણાવેલી બાબતમાં વિરોધાભાસ કરાવતી એક નવું તીર્થસ્થાન ઉભું કરવાની દરખાસ્ત કરવા હું સાહસ કરૂં છું. મને હમેશાં મનમાં પ્રશ્ન થયા કરે છે કે હીમાલયમાં આપણું એકે તીર્થસ્થાન કેમ નહિ? હિંદુસ્તાનની સપાટ ભૂમિ ઉપર આવેલા મોટા મોટા પહાડો ઉપર જૈનોનું એક એક તીર્થસ્થાન હોય અને હીમાલયમાં એક પણ કેમ ન હોય? શ્રી અષ્ટાપદ પર્વત હીમાલયમાં હોવાનું કહેવામાં આવે છે પણ અત્યારે તો હીમાલયમાં તેનો કશો પત્તો લાગતો નથી. તેની અવેજીમાં હીમાલયમાં એક તીર્થસ્થાન જૈનોએ ઉભું કરવુંજ જોઇએ. નદીઓમાં ગંગાનો તેમ પર્વતોમાં હીમાલયનો મહિમા જુદોજ છે. કાવ્ય, સાહિત્ય અને ધર્મશાસ્ત્રોમાં હીમગિરિ અદ્વિતીય સ્થાન ભોગવે છે. અહિં નિઃસર્ગ સ્વચ્છંદે મહાલે છે, અને પરા નિવૃત્તિનો ખરો સાક્ષાત્કાર પણ અહિંજ રહેલો છે. યોગીઓ સદા હીમાલયનેજ ઝંખે છે અને આ ડોળાયેલી દુનિયાથી વિશુદ્ધ થવા માટે ઉત્કૃષ્ટ સ્થાન તો હીમાલયજ ગણાય છે. આવા સ્થળમાં અન્ય હિંદુઓનાં અમરનાથ, બદ્રીનાથ, કેદારનાથ, જન્મોત્રી, ગંગોત્રી વિગેરે અનેક તીર્થસ્થળો હોય અને જૈનોનું અહિં નામ નિશાન પણ ન મળે? આવા સ્થળમાં જૈનોએ જરૂર એક સંસ્થાન ઉભું કરવું જોઇએ. હીમાલયના ઉંડાણમાં કોઇ એક સુન્દર અને વિશાળ ટેકરી ઉપર કે જ્યાંથી બરફની શ્વેત પર્વતમાળા સાફ સાફ નજરે દેખાઇ શકતી હોય ત્યાં શ્વેત આરસનું એક સુન્દર મંદિર અને નાની ધર્મશાળા બંધાવી આપનાર કોઈ ઉદાર જૈનબંધુ ન નીકળે? આણંદજી કલ્યાણજી ધારે તો જૈનોની આ ખોટ તુરત પૂરી પાડી શકે પણ આવી ભાવનાઓ તે પેઢીના પ્રતિનિધિઓને પહોંચી વળતાં કોણ જાણે કેટલો સમય ચાલ્યો જાય. આપણામાં એકાન્ત નિવાસ, ધારણા, ધ્યાન, સમાધિ વિગેરે ઉંચી આધ્યાત્મિક પ્રવૃત્તિઓ તદ્દન લોપ

થઇ ગઈ છે તેને ઉત્તેજવામાં આવું તીર્થનિર્માણ બળવાન્ નિમિત્ત બની શકે; વળી પર્વત પ્રવાસનું કષ્ટ અને મજા–ઉભય સપાટ પ્રદેશના સરિયામ રસ્તે વિચરનારી જૈનપ્રજાને તદ્દન અજાણ્યા અગોચર છે. આ કષ્ટ અને મજા અનુભવવાની જૈનપ્રજાને આત્મવિકાસ અર્થે ખાસ જરૂર છે. બાહ્ય અને કૃત્રિમ રચનામાં આનંદ માનનાર જૈનપ્રજા આવું નિમિત પ્રાપ્ત થયા સિવાય કુદરત વચ્ચે રહી અમિત આનંદ ભોગવવાનો લ્હાવો કદિ પ્રાપ્ત કરી શકશે નહિ. તદુપરાન્ત આરોગ્યભૂમિ તરીકે પણ આવું સ્થાનનિર્માણ જૈનસમાજને બહુ બહુ ઉપકારક થઈ પડે. આશા છે કે આ સર્વ લાભપરંપરા કોઇ રસિક જૈન શ્રીમાન્‌ને શ્રવણગોચર થશે અને હિમાલયમાં જૈનોનું તીર્થસ્થાન ઉભું કરવાનું આજે મને આવેલું સ્વપ્ન આવતી કાલે સાચું પડેલું જોવા આપણે સર્વે ભાગ્યશાળી થઇશું.

આવીજ રીતે ઓરીસામાં ઉદયગિરિ નામનું એક નવું તીર્થસ્થાન પ્રકાશમાં આવ્યું છે, જે શ્વેતાંબર તથા દિગંબર–ઉભય સંપ્રદાયને અતિ ગૌરવપ્રદ સ્થળ બની રહેલ છે અને જેને દિગંબરભાઇઓએ તો ક્યારનુંય તીર્થસ્થાન તરીકે સ્વીકારી લીધેલ છે, તેને શ્વેતાંબરભાઇઓએ ઓળખી લેવાની ખાસ જરૂર છે અને યાત્રાસ્થાન તરીકે તે સ્થળનો મહિમા વધારવાની જરૂર છે. આ પર્વત પ્રાકૃતિક સૌન્દર્યનું ધામ છે. આ પર્વતની અંદર લગભગ સો ગુફાઓ છે અને તેમાં અનેક જિનબિંબો બિરાજે છે. આ સ્થળ અતિ પ્રાચીન છે અને તેની અંદરથી મળેલા સુપ્રસિદ્ધ મહારાજા ખાર્વેલના લેખથી જૈનોની પ્રાચીનતા પ્રત્યક્ષ પ્રમાણથી સુસિદ્ધ થઇ ચૂકી છે. આ જૈન રાજા મહાવીર ભગવાન્ પછી લગભગ ત્રણસો વર્ષે થયેલા, તેમની રાજ્યકારકીર્દીનું આ લેખમાં વર્ણન છે. જૈનોના અસ્તિત્વ અને દેશવ્યાપકત્વનો આટલો બધો પ્રાચીન ઐતિહાસિક પુરાવો હજુ અન્યત્ર ઉપલબ્ધ થયો નથી; તેથી આ સ્થળનો પ્રભાવ અને મહિમા સમગ્ર જૈનસમાજ માટે અસાધારણ ગણાય. આશા છે કે આટલા પરિચયથી સમસ્ત દેશની તીર્થપરિક્રમ્મામાં જૈનસમાજ ઉદયગિરિને પ્રતિષ્ઠિત સ્થાન આપશે અને ભક્તિ તથા ઉદારતાથી તેને જગપ્રતિષ્ઠિત બનાવશે.

પરમાનંદ.

# पाणिग्रहण संस्कारने लगती माहिती.

શ્રાવકના ૧૬ સંસ્કાર આચારદિનકર ગ્રંથમાં બતાવ્યા છે. તેની અંદર આ સંસ્કાર પણ બતાવવામાં આવેલ છે; પરંતુ આ સંસ્કારને અંગે આપણો વર્ગ બીલકુલ અજ્ઞાન છે, એટલુંજ નહી; પણ ઉલટો અજ્ઞાનતામાં વધતો જાય છે. લગ્નક્રિયામાં જે જે વિધાન કરવામાં આવે છે તે શું કરવામાં આવે છે? શામાટે કરવામાં આવે છે? તેમાંથી સાર શું લેવાનો છે? આ વાત આપણો વર્ગ બીલકુલ જાણતો નથી, તેમ જાણવાની ઈચ્છા પણ કરતો નથી. ખરી રીતે પરણનારા સ્ત્રી પુરૂષને આ સંસ્કાર પ્રથમથી સમજાવવો જોઇએ અને તેમાં અપાતી પરસ્પરને કબુલાતો અને કરવામાં આવતી પ્રતિજ્ઞાઓનો ખાસ ખ્યાલ આપવો જોઇએ. આમાં તો કન્યાને બોલવાનું ને વરને બોલવાનું ગોરજ બોલે છે અને તેજ પ્રતિજ્ઞાઓ કરે છે. તે પણ એવા અજ્ઞાન હોય છે કે પોતે શું ક્રિયા કરાવે છે તે અંશમાત્ર પણ સમજતા નથી, બીજા ગોર કરતાં આપણા જૈનવર્ગના શ્રીમાળી ગોર આ બાબતમાં વધારે અજ્ઞાન હોય છે અને તેથીજ તેઓ ગૃહસ્થગુરૂની સંજ્ઞાથી ભ્રષ્ટ થઈ ગોર કહેવાય છે.

આ લેખ '**લગ્નવિધિમાં સપ્તપદી વિચાર**' એ મથાળાનો ગુજરાતી પત્રના દીવાળીના અંકમાં આવેલો **દેવશંકર વૈકુંઠજી ભટ્ટ**નો લેખ વાંચવા ઉપરથી લખવાની ઈચ્છા થઈ છે. તેમણે જો કે જૈન સંસ્કારના શાસ્ત્રાનુસાર એ લેખ લખેલો નથી, પરંતુ સાંસારિક હેતુના સંસ્કારોમાં કેટલીક હકીકત જૈન અને જૈનેતરોને મળતી હોય છે. આ લેખમાં માત્ર બે ચાર હકીકતજ જણાવવામાં આવી છે. વિશેષ જાણવાની ઈચ્છા માટે સાધન તૈયાર છે, પણ જાણવાની ખરી ઇચ્છા થવી જોઈએ.

વિવાહપ્રસંગમાં પ્રાથમિક કાર્ય વરને શ્વશુર ગૃહે–માંડવે જતાં પોંખે છે તે છે. આ પોંખવામાં ધોંસરૂં, મુશળ, રવૈયો ને ત્રાક મુખ્ય હોય છે. ઉપરાંત ચાર સરીઆ, ચાર ઇંડીયા પીંડીયા ને સંપુટ હોય છે. પોંખણાનો મૂળ શબ્દ પોષણ છે. તેની ઉપરથી પોંખણા શબ્દ થયેલો છે. તેની અંદર પોષણના ખાસ ચાર સાધનો બતાવ્યા છે. પ્રથમ ધોંસરૂં તે બળદ ઉપર રાખવામાં આવે છે અને તેનાથી ખેતી થાય છે. ખેતી એ ગુજરાનનું સર્વમાં પ્રથમ સાધન છે. ત્યારપછી મુશળ ધાન્યને ખાંડવાનું દળવાનું વિગેરે ક્રિયા સૂચવે છે. સ્ત્રીજાતિને એ પણ ગુજરાનનું સાધન છે, તેનાવડે પણ ગુજરાન ચલાવી શકાય છે. રવૈયો દહીંનું મંથન કરવાનું સાધન છે. એનાવડે છાશમાંથી માખણ

જુદું પડે છે ને તેનું ઘી થાય છે, તેનાથી ગુજરાન થાય છે અને બાકી રહેલી છાશ પોતાના ઉપભોગમાં પણ લેવાય છે અને તેનો બહોળો ભાગ દાન તરીકે અપાય છે. સારા સારા ઘરવાળાં બૈરાં પણ વલોણાંવાળાને ત્યાંથી છાશ લઈ જાય છે. એમાં સૂચવન દુઝાણાનું છે. દુઝાણું ગાય, ભેંશ વિગેરે પશુ રાખવાથી થાય છે. તેનાવડે પણ સારી રીતે ગુજરાન ચાલી શકે છે. ત્યારપછી ત્રાક બતાવવામાં આવે છે. આ રેંટીઆનું મુખ્ય સાધન છે. અત્યારે શ્રીયુત્ ગાંધી મહાત્માએ તેને મોટું મહત્વ આપેલું છે. એ સાધન નવરા બેસી રહેનારા–બીજા ઉદ્યોગ વિનાના અને સુખે ભુખે મરનારા સ્ત્રીવર્ગ માટે ઘણુંજ ઉપયોગી છે. એમાં પ્રવીણતા મેળવેલ સ્ત્રી કદી આજીવિકાને અંગે દુઃખી થતી નથી. નાની બાળકીઓ પણ એ કામ કરી શકે છે અને તેને મહત્તા આપવા માટેજ આપણી સાંસારિક તેમજ ધાર્મિક ઘણી ક્રિયાઓમાં કુંવારીના કાંતેલા સુતરને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે. આ બાબત હાલમાં સારી જાગૃતિ જોવામાં આવે છે.

આ ચાર પદાર્થ પોંખતી વખતે બતાવવામાં બીજા પણ હેતુ રહેલા છે. ધોંસરૂં એમ સૂચવે છે કે આજ સુધી તમે નિરંકુશ ફરતા હતા પરંતુ હવે પરણ્યા એટલે સંસારનું ધોંસરૂં તમારી ઉપર પડ્યું છે. સાંબેલું ધાન્ય ખાંડીને અનાજ ને ફોતરાને જુદા પાડે છે તેવો વિવેક હવે તમારે વાપરવો પડશે એમ તે સૂચવે છે. રવૈયો એમ કહે છે કે તે જેમ દહીંને વલોવે છે તેમ તમારે પણ અનેક વખત સંસારમાં હવે વલોવાવું પડશે; પણ ધીરજ રાખશો તો વલોવવાથી જેમ માખણ ઉતરે છે તેમ પરિણામ સારૂં આવશે. ત્રાક એમ સૂચવે છે કે ત્રાક જેમ માણસને વિંધે છે તેમ હવે સંસારમાં તમારે અનેક પ્રસંગે સ્ત્રી પુત્રાદિકથી વીંધાવું પડશે, તેનાં કઠીન વચનો સાંભળવા પડશે, પણ સહન કરજો, સહન કરશો તો પરિણામ સારૂં આવશે. આવા અનેક હેતુઓ બુદ્ધિમાન્ બતાવે છે, પણ તે માત્ર કાલ્પનિક સમજવાના નથી, તેમજ વૈરાગ્ય પ્રાપ્ત કરવા માટેજ તે કહેવામાં આવે છે એમ પણ સમજવાનું નથી; કારણ કે પરણવાથી કેટલી જોખમદારી ને જવાબદારી વધે છે તે અજ્ઞાન બાળક સમજતો નથી, તેને સમજાવવા માટે એ ગોઠવણ રાખેલી છે.

ચાર સરીઆ કે જે જારના સાંઠાના કકડા હોય છે તેવડે પોંખીને ચાર દિશાઓમાં એકેક ફેંકી દેવામાં આવે છે તે એમ સૂચવે છે કે હવે તમારે ચારે દિશાઓ ખુલ્લી છે. ગમે તે દિશામાં જઇને સુખે સુખે આજીવિકા મેળવજો અને કુટુંબની પ્રતિપાલના કરજો. દેશદેશનો અનુભવ કરજો, ઘરમાં બેસી રહી નિર્માલ્ય બની જશો નહીં.

ત્યારપછી ચાર ઇંડીઆ પીંડીઆ પૈકી બે અનાજના પૂર્વ પશ્ચિમ તરફ અને બે રક્ષાના ઉત્તર દક્ષિણ તરફ ફેંકી દેવામાં આવે છે. તે તે દિશામાં રહેલા મલિન દેવોને બલિદાન માટે આપવામાં આવે છે કે જેથી તે લગ્ન જેવા શુભ કાર્યમાં વિઘ્ન ન કરે; પછી સંપુટ ઉતારીને ભૂમિપર મૂકવામાં આવે છે, તેને ચાંપીને વર મંડપમાં પ્રવેશ કરે છે. તેનો હેતુ એ છે કે સંસારમાં અનેક વખત વિઘ્નો પણ આવશે, તો તેને ચાંપવા જેટલી શક્તિ ધરાવજો. વળી તે અન્ય પ્રકારે પણ માંગળિક રૂપ છે.

આ ક્રિયા થયા બાદ મંડપના મધ્યમાં વર કન્યાને જુદા જુદા બાજોઠ ઉપર બેસાડી હસ્તમેળાપની ક્રિયા કરાવવામાં આવે છે. તે તો પ્રત્યક્ષ રીતે બંનેની એકતાનું સૂચવન કરે છે; ત્યારપછી જ્યાં ચોરી બાંધેલી હોય છે ત્યાં લઈ જઇ ચાર ફેરા ફેરવવામાં આવે છે, કંસાર જમાડવાની ક્રિયા કરાવવામાં આવે છે, સપ્તપદીની ક્રિયા કરાવાય છે કે જેમાં કન્યા સાત પ્રકારની પ્રતિજ્ઞા કરે છે અને બીજી પણ કેટલીક ક્રિયાઓ કરાવાય છે. સપ્તપદીની ક્રિયામાં પ્રથમ વર કહે છે કે–તને મારી સાથે ૧–અન્નને માટે નિયત કરવામાં આવી છે, ૨–બળને માટે નિયત કરવામાં આવી છે, ૩–ધનપુષ્ટિ માટે નિયત કરવામાં આવી છે, ૪–સુખોત્પત્તિ માટે નિયત કરવામાં આવી છે, ૫–પશુરક્ષણ માટે નિયત કરવામાં આવી છે, ૬–છએ ઋતુઓમાં અનુકૂળ રહેવા માટે નિયત કરવામાં આવી છે અને ૭–આ લોક અને પરલોકના મિત્ર તરીકે નિયત કરવામાં આવી છે.

પછી સ્ત્રી કહે છે કે–૧–આપનાથીજ મારૂં સૌભાગ્ય છે, ૨–હું આપના કુટુંબને–આબાળ વૃદ્ધને પાળીશ અને ધન સંપત્તિ જે મળશે તેથી સંતુષ્ટ રહીશ, ૩–હમેશાં તમારી ભક્તિમાં પ્રીતિવાળી અને મીઠું બોલનારી થઈશ, ૪–મન વાણી અને કર્મથી પવિત્રપણે શૃંગારાઇને હું આપની સાથે ક્રિડા કરીશ, ૫–દુઃખમાં ધીરજવાળી અને સુખમાં સંતુષ્ટ રહીશ અને તમારા સુખદુઃખમાં ભાગ લઇશ. ૬–તમે મને છેતરી નથી પણ આપણા બંનેને પરસ્પર પ્રીતિ ઉપજતાં આ લગ્નગાંઠ બંધાણી છે અને ૭–હું નિરંતર ધર્મ, અર્થ અને કામમાં–એ ત્રણે વર્ગ સાધવામાં અંતઃકરણથી આપને અનુસરીશ.

આ સિવાય બીજી પણ ઘણી હકીકત આને અંગે સમજવા લાયક છે. તે ખરી રીતે વરકન્યાને પ્રથમથી સમજાવવા યોગ્ય છે અને તેથી તેની ઉમ્મર મોટી જોઇએ–એટલે કે આ વાત બરાબર સમજી શકે એવડી હોવી જોઇએ, એ વાત ખાસ ધ્યાનમાં રાખવાની છે. તેમાં પણ કન્યા કરતાં વરની ઉમ્મર અવશ્ય ૪–૫ વર્ષે મોટી જોઈએ. આ સંબંધમાં કેટલાક નિયમો મુકરર

કરવા જોઇએ અને તે પાળવા જોઈએ સંસારની વૃદ્ધિનું બીજ અહીં રોપાય છે અને તેથી બીજમાં કાંઈ પણ દોષોત્પત્તિ ન હોય તો ફળ પર્યંત નિર્દોષપણાનો સંભવ રહી શકે એ વાત ધ્યાનમાં રાખવી જોઇએ. સંસાર સુખરૂપ નીવડવાને માટે સ્ત્રી પુરૂષનું જોડું યોગ્ય વય, રૂપ, કેળવણી વિગેરે યુક્ત હોવાની આવશ્યક્તા છે. તેની વિષમતા કે વિરૂપતા હોય છે તો તેનો સંસાર સુખરૂપ નીવડતો નથી. જેનો સંસાર સુખરૂપ હોતો નથી, કલેશમય હોય છે, તેઓ ધર્મસાધન પણ કરી શકતા નથી; જો કે સંસાર તો જેમ તેમ ચલાવે છે અને સંતતિ પણ થાય છે; પરંતુ તેમાં શાંતિનું સામ્રાજ્ય ન હોવાથી યોગ્ય ધર્મસાધન થઈ શકતું નથી. જેનો ગૃહસંસાર સુધરેલો હોય છે તેઓજ પરસ્પર ધર્માનુકૂળપણે વર્તી જીવન સફળ કરે છે. આ સંબંધમાં કવિ દલપત્તરામ કહે છે કે–

**રોગ રહિત તન રહે, અધિક વિદ્યા અભ્યાસી,**
**પાળે પુત્ર વચન, સદા પર આશ નિરાશી;**
**મધુર વાચ માનની, કરજ શિરપર નહીં કોડી,**
**ચિત્ત સદા સંતોષ, પ્રીત સજ્જન શું જોડી;**
**વળી દિવસ દિવસ વધતો દીસે, સંપ કુટુંબીવર્ગમાં,**
**પછી એ થકી હું નથી પ્રીછતો, સુખ વિશેષ કંઇ સ્વર્ગમાં.** ૧૦

આ પ્રમાણેની સ્થિતિ પ્રાપ્ત થવા માટે વિચારપૂર્વક યોગ્ય પ્રયત્ન કરવાની આપણા વર્ગના આગેવાનોને ભલામણ કરી આ લેખ આટલેથીજ સમાપ્ત કરવામાં આવે છે.

## સ્ફુટ નોંધ અને ચર્ચા.

સુરતમાં દેશાઇપોળની અંદર આવેલા જિનમંદિરના વહીવટદાર **ચુનીલાલ છગનચંદ શરાફની** સામે તેજ પોળના રહેનાર નગીનદાસ રીખવદાસ વિગેરેએ ત્યાંના ડીસ્ટ્રીકટ જડ્જ સાહેબની કોર્ટમાં ફર્યાદ કરીને જુદી જુદી પાંચ પ્રકારની દાદ માગી હતી. તે કેસનો ફેસલો તા ૨૪–૧૧–૨૧ના રોજ આપવામાં આવ્યો છે. તેની ગુજરાતી નકલ અમને મળી છે. તે વાંચતાં દેરાસરના વહીવટકર્ત્તાઓ કે જેઓ ટ્રસ્ટીઓ તરીકે ગણાય છે તેમને ખાસ એ ફેસલો સાદ્યંત વાંચી જવાની જરૂર છે એમ જણાય છે. એ ફેસલાની અંદર

એવા ખાતાના ટ્રસ્ટીઓ કેટલા જોખમદાર છે ને જવાબદાર છે તે સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે, તેમજ એવા ખાતાના વહીવટો કેટલા ચોખા રાખવાની આવશ્યકતા છે તે પણ સ્પષ્ટ કરેલ છે. ચુનીલાલ શરાફે વહીવટ બહુ સ્વચ્છ રાખેલો હોવાથી ટ્રસ્ટી તરીકે તેમને એકલાનેજ કાયમ રાખ્યા છે, તેની સાથે બીજાને જોડવામાં આવ્યા નથી. પરંતુ ભવિષ્યને માટે મેનેજમેન્ટ ઉપર દેખરેખ રાખવા ત્રણ ગૃહસ્થની કમીટી નીમી છે. આજ સુધીનો હિસાબ નકી કરવા એક કમીશનર નીમવામાં આવેલ છે, તેને હિસાબ નકી કરીને રીપોર્ટ કરવાનું સોંપવામાં આવ્યું છે. હિસાબ પ્રમાણિક માનવામાં આવ્યો છે. પ્રતિવાદીએ દેરાસરના અંગના ઘરમાં ભાડે રહેનારા બે ભાડુતો પાસેથી નાણા વસુલ કરવામાં બેદરકારી વાપરી છે એમ ઠરાવી તેના નાણા જો ભાડુત પાસેથી વસુલ ન આવે તો પ્રતિવાદી પાસેથી તે રકમ વ્યાજ સાથે લેવા ઠરાવ્યું છે. (આ હકીકત ટ્રસ્ટી થનારાઓએ ખાસ ધ્યાન આપવા લાયક છે.) આ કારણસર તેમજ બીજા કારણસર બંને પક્ષનો ખર્ચ પોતપોતાને માથે નાખ્યો છે. દેરાસરના નાણા યોગ્ય સ્થાને રોકેલ હોવાથી તે બાબત તેમજ બીજી કેટલીક બાબત ખાસ તે વહિવટના અંગની છે તેનો ચુકાદો પ્રતિવાદીના લાભમાં આવ્યો છે. ફેસલાની નકલ વાંચવી હશે તેને અમે પણ આપશું, કારણ કે અમારી પાસે આખી નકલ આવેલી છે. આ કેસમાં ચુનીલાલ શરાફને પ્રયાસ બહુ પડ્યો છે, પરંતુ પરિણામ યોગ્ય આવેલું હોવાથી પ્રયાસ લેખે લાગ્યો છે,

* * * *

શંકરલાલ શિવનાથજી પુનાથી લખે છે કે—ત્યાંથી ૧૬ માઇલ દૂર આવેલા કોંકણપુરમાં એક દેવીનું મંદિર છે: ત્યાં માગશર શુદિ ૧૫ થી વદિ ૦)) સુધી મોટો મેળો ભરાય છે અને પુષ્કળ જીવોની હિંસા થાય છે. આ વરસ મુનિ તિલકવિજયજી પંજાબી વિગેરે કેટલાક માણસોએ ત્યાં જઈ અનેક પ્રકારનો ઉપદેશ વિગેરે પ્રયાસ કર્યો, જેને પરિણામે આ વખત બહુ ઓછી હિંસા થઈ છે. આવો ને આવો પ્રયાસ દર વરસ કાયમ રહેશે તો બીલકુલ હિંસા બંધ થઇ જવા સંભવ છે. જીવદયાનો પ્રયાસ કરનારા બંધુઓને ધન્યવાદ ઘટે છે.

* * * *

**હુબલી જૈન બોર્ડીંગ**ના વ્યવસ્થાપક તરફથી ખબર આપવામાં આવ્યા છે કે—ભાવનગર નિવાસી પ્રોફેસર એલ. કે. શાહે અહીં ચમત્કાર ઉપજાવે તેવા જાદુના, હાથ ચાલાકીના તથા શસ્ત્રવિદ્યાનાપ્રયોગો બતાવી ઘણી લોકપ્રિયતા મેળવી છે; અને આંખે અપંગ છતાં આવી રીતના પ્રયોગો કરતા જોઇ લોકો બહુજ આશ્ચર્યચકિત થયા છે. તેમણે એક ખેલની ઉપજના રૂ. ૩૦૧) આ બોર્ડીંગને

અર્પણ કર્યો છે. સ્થિતિ સામાન્ય છતાં આવા ઉપકારી કામો તે બંધુ ક્યૌ કરે છે તેને માટે તેમને પૂર્ણ ધન્યવાદ ઘટે છે.

* * * *

**ઐતિહાસિક રાસ સંગ્રહ. ભાગ ચોથાની** પહોંચ અમે ગયા અંકમાં આપેલી છે. તે વખતે સાદ્યંત વાંચ્યા સિવાય ઉપલક અભિપ્રાય અમે આપેલો છે. ત્યારબાદ સાદ્યંત વાંચી જોતાં તેની અંદર સંશોધક મુનિરાજે નિરીક્ષણ પૃષ્ટ ૪૨ માં ને રાસ--સાર પૃષ્ટ ૯૫માં લખેલો છે. પ્રયાસ બહુ કર્યો છે, પરંતુ અમે આવા રાસો અને તેનો સાર પ્રગટ કરવો તે હાલની શાંતિની વૃદ્ધિ કરવાની જરૂરીઆતવાળા જમાનામાં બીલકુલ પસંદ કરતા નથી. ખરી રીતે તો તેમાં ખાસ આપણી પોતાનીજ એબ ઉઘાડી કરી છે અને જગતને બતાવી છે. આવી હકીકત ઉપર તો અત્યારે ઢાંકપીછોડો કરવાનો અવસર છે. અમને તો રાસનો સાર વાંચતાં તે વખતની પરિસ્થિતિને અંગે ઘણોજ ખેદ થયો છે, તેટલોજ ખેદ એ હકીકત હાલના સમયમાં પ્રસિદ્ધ કરવાને અંગે પણ થયો છે. અમે તો એવા રાસો હાલ વાંચનમાં લેવાને પણ પસંદ કરતા નથી. આ અમારો સ્વતંત્ર અભિપ્રાય છે. બીજાઓએ તેને અનુસરવું કે કેમ? તેને માટે સૌ સ્વતંત્ર છે, પણ 'જે જણાય તે લખવું' એવી ફરજ સમજીને આટલો ટુંકો ઉલ્લેખ કર્યો છે.

* * * *

**કેશરના** સંબંધમાં કેટલાક મુનિ મહારાજ અને કેટલાક શ્રાવક ભાઈઓ લખે છે કે–"તમે શુદ્ધ કેશર વાપરવાની છુટ રાખીને ઉલટી ઘુંચવણ ઉભી કરી છે. લોકોને શુદ્ધની ઓળખાણ નથી. શુદ્ધ કહીને અશુદ્ધ આપનારા વેપારીઓની ખોટ નથી. ખરૂં શુદ્ધ કેશર તો કાશ્મીરનું. તેની ઉપજ બહુ ઓછી થાય છે. જેમ હિંદુસ્તાનના બીજા ઉદ્યોગો ને પાયમાલ કર્યાં તેમ કેશરની ખેતીનો પણ બહોળે ભાગે નાશ કરવામાં આવ્યો છે. કાશ્મીરમાં પણ અમુક સ્થળેજ શુદ્ધ કેશર મળે છે. સ્થળ બદલાયા પછી તેમાં પણ શેળભેળ થાય છે. સુરજ છાપના ડબામાં પણ બીજું કેશર પુષ્કળ ભળે છે. આવી સ્થિતિમાં જેને જીવહિંસા એ પાપ નથી, વટાલ નથી, દેવપૂજામાં વાપરવાથી લાગતા દોષનો ભય અંશ માત્ર પણ નથી, એવા વિદેશી જનો પાસેથી શુદ્ધ કેશર મેળવવાની આશા રાખવી તે તદ્દન વ્યર્થ છે. શુદ્ધને નામે પારાવાર સ્થળે અનેક ગામો ને શહેરોમાં તેમજ તીર્થોમાં હજુ રતલ બંધ અશુદ્ધ કેશર વપરાય છે. શુદ્ધને માટે કહેતાં 'શુદ્ધ લાવી આપો' એમ સામું કહે છે, તેથી હવે તો આ શુદ્ધાશુદ્ધનો ઝઘડો મૂકી જો મુનિ મહારાજા એમ

કહેતા હોય કે–'જેવું મળે તેવું ચઢાવો, રૂધિરાદિ આવતા હોય તોપણ કાંઇ ફીકર નહિ.' તો છુટું કરી નાખવું અને જો 'અપવિત્ર કેશર તો પ્રભુના અંગ પર નજ ચઢાવાય, ચઢાવો તો પાપ લાગે.' એમ કહેતા હોય તો શુદ્ધાશુદ્ધની વિવક્ષા પડી મૂકી, અનેક સૂત્રોમાં જિનજન્મોચ્છવાદિ પ્રસંગે ચંદનના વિલેપનનોજ અધિકાર છે, કેશરનું નામ પણ નથી, તે પ્રમાણે આપણે પણ ચંદન અને ઘનસારથી પરમાત્માની ચંદન પૂજા કરવી અને આત્માને નિર્મળ તેમજ શાંત થાય તેવો પ્રયત્ન કરવો." આ હકીકત અમે અમારા સુજ્ઞ વાંચકો પાસે રજુ કરીએ છીએ. વિચારશીળ સજ્જનો તે પરથી યોગ્ય વિચાર જરૂર કરશે.

* * * *

શ્રી જીરા તાબે કુંડલામાં વિશાશ્રીમાળી જ્ઞાતિના જૈનબંધુઓનું એક સંમેલન તેને લગતા ૪૦ લગભગ ગામોવાળાનું પોસ વદિ ચોથ ને પાંચમ બે દિવસ મળ્યું હતું. તેની અંદર તે જ્ઞાતિના પ્રથમ સંવંત ૧૯૫૨માં થયેલા ધારાની અંદર સમયાનુસાર કેટલાક સુધારા વધારા બહુ વિચારપૂર્વક કરવામાં આવ્યા છે. કુંડલાથી પણ ૫-૬ ગૃહસ્થો આવ્યા હતા, ભાવનગરથી પણ ૩ ગૃહસ્થો મી. કુંવરજી આણંદજી વિગેરે ગયા હતા. થયેલા સુધારા છપાવીને બહાર પાડવાના છે. આ કાર્યમાં ત્યાંના નિવાસી વનમાળીદાસ અંદરજી દોશીનો ઘણો પ્રયાસ છે. પરિણામ સંતોષકારક આવ્યું છે અને 'જો પ્રયાસ કરનાર હોય છે તો સામાન્ય ગામોવાળા પણ પોતાનું હિત સાચવી શકે છે' એ હકીકત તેમણે સિદ્ધ કરી બતાવી છે. બીજાઓએ તેનો દાખલો ગ્રહણ કરવા યોગ્ય છે.

* * * *

શ્રી શત્રુંજય અને ગીરનાર તીર્થે પાલીતાણા અને જુનાગઢના રાજ્યકર્તાઓ તરફથી તેમના દીવાનોથી દોરવાઇને જે અતિક્રમ કરવામાં આવેલ છે તે દેશી રાજ્યોને શરમાવે તેવું બન્યું છે. જો કે પરિણામે તો એ બાબતમાં જે જૈન પ્રજાના સનાતન હક્ક છે અને માલેકી છે તેમાં ખલેલ પડવાની નથી, પરંતુ અત્યારના જમાનામાં દેશી રાજાઓએ પ્રજાની પ્રીતિ સંપાદન કરવાની જરૂર છે, તેવા વખતમાં આવો અભાવ સંપાદન કરવો તેનું પરિણામ તેમને માટે હિતકારક જણાતું નથી. જુઓ! અત્યારે પ્રજાવર્ગની અપ્રીતિ ઉત્પન્ન થવાથી બ્રીટીશ રાજ્યની અંદર કેવી પરિસ્થિતિ ઉભી થઇ છે! પ્રજા ધારે તો ન કરી શકે એવું કાંઇ સમજવું નહીં, પણ એ વાત થયા પછી ગળે ઉતરે તેવી છે. નામદાર સરકાર પણ અત્યારે દેશી રાજ્યમાં રાજા પ્રજા વચ્ચે આવી સ્થિતિ જોવાને રાજી હોય એમ જણાય છે. આવું હોય ત્યારેજ રાજાઓ તેમના અંકુશમાં રહે. હવે

તો જૈનવર્ગ જાગૃત થવાની જરૂર છે. અમદાવાદના આપણા ગૃહસ્થો તીર્થરક્ષા માટે બનતા પ્રયત્નો કરી રહ્યા છે, તેઓ તેમાં ખામી આવવા દે તેવો સંભવ નથી, પરંતુ તીર્થરક્ષાના કાર્યમાં બનતો ફાળો તનથી, મનથી કે ધનથી અથવા ત્રણેથી આપવાની દરેક જૈનની ફરજ છે. તેથી અમદાવાદ સિવાય બીજા શહેરોના પ્રતિનિધિઓ તેમજ આગેવાન જૈન બંધુઓએ અમદાવાદના આપણા આગેવાનોની અનુમતિ અનુસાર આ હીલચાલમાં ભાગ લેવાની આવશ્યકતા છે. જ્યાં સુધી આપણે સૌ એકદીલીથી પ્રયાસ કરશું નહીં ત્યાં સુધી એ બંને રાજ્યના કાર્યકર્ત્તાઓના મન ઉપર પૂરતી અસર થવાની નથી. માટે હવે સત્વર સાવચેત થઇ જવાની જરૂર છે. આશા છે કે આટલી સૂચના જૈનવર્ગને વિશેષ જાગૃત કરવા માટે બસ થશે.

* * * *

હાલમાં સ્વદેશીની ચળવળ ચોતરફ ચાલી રહી છે. સ્વદેશી વસ્તુઓ–કાપડ વિગેરે વાપરવામાં બીજા બધા કરતાં જૈનવર્ગને વધારે લાભકારક હકીકત છે. વિદેશી મીલોની હકીકત તો બાજુ પર રાખીએ, તેના અંગની હિંસા તો પારાવારજ હોય છે, પરંતુ આપણા દેશની મીલોમાં પણ કેટલી હિંસા થાય છે, તેને અંગે ચરબી વિગેરે મેળવવા માટે કેટલા પ્રાણીઓનો વિનાશ થાય છે તે વિચારતાં હાથની શાળવડે વણાયેલું કાપડ વાપરવું તે બીલકુલ સ્વલ્પ હિંસાવાળું અને ત્રસ જીવોની તદ્દન હિંસા વિનાનું છે; તેથી જૈનબંધુઓ તો એ બાબતમાં આગળ પડતો ભાગ લેવા યોગ્ય છે. વળી તે વસ્ત્રોથી શરીરનું સંરક્ષણ બહુ સારૂં થાય છે, મર્યાદા પણ વિશેષ જળવાય છે અને આર્થિક દ્રષ્ટિએ પણ ઘણો લાભ છે. કાપડ સંબંધી ખર્ચ હાલમાં એટલો બધો વધી પડ્યો છે કે તેને પહોંચી વળવામાટે બહુ ઉપાધિ ભોગવવી પડે છે, તેથી દરેક રીતે હાથવણાટનું કાપડજ વાપરવું યોગ્ય છે. મુનિવર્ગમાં પણ હવે દિનપરદિન વધારે સંખ્યા તેવા વસ્ત્રો વાપરવા લાગેલ છે. સાધ્વીવર્ગમાટે તો વિદેશી બારીક વસ્ત્રો વાપરવાને બદલે દેશી વ ો વાપરવા તેજ વધારે યોગ્ય છે. અન્ય વસ્તુઓ પણ જેમ બને તેમ વિદેશીને બદલે દેશી વાપરવાથી એકંદર લાભજ છે. જે કાર્યમાં હિંસા ન હોય અથવા અલ્પ હિંસા હોય તે સ્વીકારવાનું શ્રાવકવર્ગનું ખાસ કર્ત્તવ્ય છે. આ બાબત સુજ્ઞ સજ્જનો અવશ્ય વિચાર કરી સ્વદેશીનો સ્વીકાર કરશે એવી આશા છે.

# पुस्तकोनी पहोंच.

## પ્રાચીન જૈન લેખ સંગ્રહ. ભાગ ૨ જો.

શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર તરફથી બહાર પડેલની એક નકલ ભેટ તરીકે મળી છે તે સ્વીકારીએ છીએ. આ બુક ઝવેરી લાલભાઈ કલ્યાણભાઈ વડોદરા નિવાસીની આર્થિક સહાયથી અને પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મહારાજની સંગ્રહ કરવામાં સહાયથી વિનીત જિનવિજયે સંગ્રહ કરેલ ૫૫૭ લેખોની બહાર પડેલી છે, તેની અંદર સંગ્રાહકે અત્યંત પ્રયાસ કરેલો છે. જૈન વર્ગની પ્રાચીન જાહોજલાલી પ્રગટ કરવા માટે આ લેખોનો સંગ્રહ ખાસ ઉપયોગી છે. બુકની કિંમત રૂા. ૩-૮-૦ રાખેલ છે, પણ તે બુકના પ્રમાણમાં ઓછી છે, તો પ્રયાસનું પ્રમાણ તો તેમાં ગણી શકાય તેમજ નથી. કુલ લેખો ૫૫૭ની નકલોએ પૃષ્ટ ૩૩૬ રોકયા છે અને તેનાં અવલોકન અને સૂચને પૃષ્ટ ૩૪૪ રોકયા છે. આ અવલોકન લખવામાં ઘણો પ્રયાસ કર્યો છે. ખાસ વાંચવા લાયક છે. તે વાંચવાથી ઘણો લાભ થાય તેમ છે. બુકના પ્રારંભમાં પ્રસ્તાવના તો બહુ ટુંકમાં લખવામાં આવેલ છે, કારણ કે તેની ગરજ અવલોકનથી સરે તેમ છે, પણ ત્યારપછી જુદા જુદા પ્રકારની અનુક્રમણિકાઓ આપી છે તે બહુ અજવાળું પાડે તેમ છે, તેથી તે આ નીચે બતાવેલ છે.

૧. લેખોની શાલવાર અનુક્રમણિકા
૨. લેખોની શાલ ને તિથિ સાથે તેના અંગીભૂત સૂરિ કે સાધુના નામોની ગચ્છવાર અનુક્રમણિકા વિસ્તારથી.
૩. લેખોમાં આવતા જ્ઞાતિ, વંશ, કુળ, અન્વય અને ગોત્રની અનુક્રમણિકા.
૪. લેખાંતર્ગત શહેરોની અકારાદિ અનુક્રમણિકા.
૫. લેખાંતર્ગત સ્થળોની અકારાદિ. અનુક્રમણિકા.
૬. પ્રતિષ્ઠાકારક સૂરિ કે સાધુના નામની સંવત ને લેખાંક સાથે અનુક્રમણિકા.
૭. લેખોમાં આવતા રાજવંશીઓના સંવત ને લેખાંક સાથે અનુક્રમણિકા.
૮. જ્યાંથી લેખો લીધા છે તે તે સ્થળોની વિસ્તારથી હકીકત.

આટલી બાબતો આપ્યા પછી લેખોનું અવલોકન આપેલ છે. પ્રયાસ સ્તુત્ય છે બાકી રહેલ લેખો કે જે સંગ્રાહકની પાસે તૈયાર છે તે પણ બહાર પડવાની આવશ્યકતા છે. આવા સંગ્રહ અનેક પ્રકારે ઉપયોગી થઈ પડે છે.

## ભૂલનો સુધારો.

પ્રશ્નોત્તરસાર્ધશતકના પ્રશ્ન ૧૦૯ ના ઉત્તરમાં **ઉપેક્ષા સંયમ** બે પ્રકારે છે. સંયત વ્યાપારોપેક્ષા, ગૃહસ્થ વ્યાપારોપેક્ષા. તેમાં સાધુને સંયમક્રિયામાં સીદાતા-શિથિળ થતા જોઈ તેને સંયમવ્યાપારમાં પ્રેરણા કરે તે સંયત વ્યાપારોપેક્ષા. અને ગૃહસ્થને અધિકરણ વ્યાપાર (પાપવ્યાપાર) માં પ્રવર્તતો જોઇ તેને તે કાર્યમાં પ્રેરણા ન કરે તે ગૃહસ્થ વ્યાપારોપેક્ષા જાણવી.

આમાં ઉપેક્ષા શબ્દ ઉવેખી મૂકવા વાચક નથી, પણ ઉપ-ઇક્ષ એટલે સમીપપણે જોવું એવો અર્થ સમજવો.

પ્રથમ આ પ્રશ્નનો ઉત્તર લખતાં જે અર્થ લખેલો છે તે બરાબર ન હોવાથી ઉપર પ્રમાણે સુધારીને વાંચવો.

---

**સૂક્તમુક્તાવળી**—આ બુકની અંદર નીચે જણાવેલાં પાંચ ગ્રંથો સમાવ્યા છે, જેમાં પાછલા બે તો નાના છે પણ ઉપયોગી છે. સિંદુર પ્રકરણ જેનું બીજું નામ પણ સૂક્તમુક્તાવળી છે તેનો અનુવાદ પ્રથમ આપ્યો છે. મૂળ શ્લોક પછી આપેલા છે. મેસાણા જૈન શ્રેયસ્કર મંડળ તરફથી છપાયેલ છે. પ્રયાસ બધો મુનિરાજશ્રી કર્પૂરવિજયજીનો છે. કિંમત દશ આના રાખી છે. તે બુકના પ્રમાણમાં ઓછી છે. વિદ્યાર્થીઓને ઇનામમાં આપવા લાયક બુક છે, તેની એક નકલ ભેટ તરીકે મળી છે તે સ્વીકારીએ છીએ.

### બુકમાં આપેલા ગ્રંથો.

સૂક્તમુક્તાવળી મૂળ ભાષા પદ્યબંધ. વિવેચન ઘણું વિસ્તારવાળું છે.
સિંદુર પ્રકરના ૧૦૦ શ્લોકોનો અનુવાદ.
આચારોપદેશ ગ્રંથનું આખું ભાષાંતર. સિંદુરપ્રકર મૂળ શ્લોક ૧૦૦.
ચિદાનંદજી કૃત પ્રશ્નોત્તર ૧૧૪ પ્રશ્નોના ઉત્તરો છે-દુહા ૬૨ છે.
આત્માવબોધ કુલકની વ્યાખ્યા, ૪૩ ગાથાઓનો અર્થ છે.

---

## શ્રી જૈન ધર્મ પ્રસારક સભાની લાઇબ્રેરીનું લીસ્ટ.

આ લીસ્ટ વાંચવાથી સાહિત્યના વિસ્તારનું કાંઇક ભાન થાય તેમ છે. જો કે હજુ એમાં ઘણો વધારો થવાની જરૂર છે.

આ લાઇબ્રેરીમાં છ વર્ગ રાખવામાં આવ્યા છે, તેમાં નીચે પ્રમાણેની સંખ્યામાં પુસ્તકો છે.

| | |
|---|---|
| વર્ગ ૧ લો. ધાર્મિક નં ૧૭૦૬ | વર્ગ ૨ જો. સંસ્કૃત નં ૨૪૩ |
| વર્ગ ૩ જો. નૈતિક નં ૧૭૦૨ | વર્ગ ૪ થો. હસ્તલિખિત પ્રતો ૬૩ |
| વર્ગ ૫ મો. માસીકની ફાઇલો ૨૫૨ | વર્ગ ૬ ઠ્ઠો. ઇંગ્રેજી નં ૪૫ |

કુલ પુસ્તકો ૪૦૧૧ નું અક્ષરાનુક્રમથી છપાવેલું છે. પૃષ્ટ ૧૮૪. કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

## ભાઇ મનસુખલાલ દોલતચંદનું ખેદકારક મૃત્યુ.

આ બંધુ ગયા માગશર વદિ ૧૨ શે પોતાની જન્મભૂમિ પાટણમાં પંચત્વ પામ્યા છે. તેમની ઉમર સુમારે ૬૦ વર્ષની થઇ હતી અને પાછળ ત્રણ પુત્ર ને છ પુત્રીઓને મૂકીને જવાથી લોકોમાં ભાગ્યશાળી ગણાયા છે. એમણે પોતાની જીંદગીનો મોટો ભાગ વ્યાપારાર્થે રંગુનમાં વ્યતિત કર્યો છે, પરંતુ તે અનાર્ય જેવા પ્રદેશમાં સ્વપરાક્રમવડે વધ્યા અને તેનો લાભ ઘણા સ્વજનોને આપ્યો. ઉપરાંત ત્યાં એક દેરાસર, એક પાઠશાળા અને એક પાંજરાપોળ ખાસ તેમના પ્રયાસથી સ્થાપન થયેલાં છે. જેનો લાભ અનેક જૈનબંધુઓ લે છે. તેઓ ત્યાંના ઘણા પારમાર્થિક ખાતામાં ટ્રસ્ટી, સેક્રેટરી તેમજ પ્રેસીડેન્ટ હતા. સ્વભાવે સરલ, ધર્મચુસ્ત, પરોપકાર પરાયણ અને ઉદાર વૃત્તિના હોવાથી ઘણો યશ અને પુન્ય મેળવી ગયા છે.

એઓ આ સભાના લાઈફ મેમ્બર હોવાથી અમને એક યોગ્ય લાઈફ મેમ્બરની ન પૂરાય તેવી ખામી પડી છે. અમે તેમના…ટુંબને દિલાસો આપીએ છીએ અને તેમના આત્માને શાન્તિ ઇચ્છીએ છીએ.

---

## અમારી તરફથી હાલમાં બહાર પડેલ છે.

૧ શ્રી ઉપમિતિ ભવ પ્રપંચા કથા ભાષાંતર વિભાગ ૧ લો. પ્રસ્તાવ ૧-૨-૩
કિંમત રૂ ૩-૦-૦ પોસ્ટેજ ૦-૯-૦
લાઇફ મેમ્બર પાસેથી રૂા. ૧) કમી લેવામાં આવશે.

૨ શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ [illegible]૮
કિંમત રૂ ૨-૮-૦ પોસ્ટેજ ૦-૭-૬
લાઇફ મેમ્બર પાસેથી રૂ. ૧) કમી લેવામાં આવશે.

૩ શ્રી ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્ર ભાષાંતર. પર્વ ૧૦ મું.
આવૃત્તિ બીજી શ્રી મહાવીર ચરિત્ર
કિંમત રૂ ૨-૮-૦ પોસ્ટેજ રૂ ૦-૬-૬
બીજી આવૃત્તિ હોવાથી લાઇફ મેમ્બરનું કમી લેવામાં આવશે નહીં.

૪ શ્રી પાંચ પ્રતિક્રમણ સૂત્ર. મૂળ. ગુજરાતી મોટા ટાઈપમાં. પ્રતિક્રમણમાં આવતા સૂત્રોના ભાવાર્થ વિગેરે વધારા સાથે.
કિંમત રૂ ૦-૧૦-૦. જૈનશાળા માટે રૂા ૦-૯-૦. પોસ્ટેજ રૂ ૦-૩-૦

૫ શ્રી બે પ્રતિક્રમણસૂત્ર. મૂળ. ગુજરાતી મોટા ટાઇપમાં.
કિંમત રૂ ૦-૪-૦. જૈનશાળા માટે રૂ ૦-૩-૬. પોસ્ટેજ રૂ ૦-૧-૦

૬ ચૈત્યવંદન ચોવીશી. કેટલાક ફેરફાર સાથે. પાકાપુંઠા વાળી. કિં. રૂ. ૦-૬-૦

૭ શ્રી રત્નાકર પચીશી. અનુવાદ અર્થ સાથે. કિં. રૂ. ૦-૧-૦

૮ શ્રી ગૌતમ સ્વામીનો રાસ. અર્થ સહિત. કિં. રૂ. ૦-૧-૦